**સુવિચાર**
મનુષ્ય અનંત સંભાવનાઓથી ભરપૂર એક બીજ છે. એમાં ઘણાં ફૂલ ખીલી શકે છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૬/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ જેઠ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૬૯



ફ્રિ નિદાન... ફ્રિ નિદાન... ફ્રિ નિદાન...
પથરી - પ્રોસ્ટેટ - કીડની ની તકલીફ ?
તારીખ : ૨૯/૦૬/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૧:૦૦ થી ૨:૦૦
નોંધ : ૧) હોસ્પીટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડૉ. જય માંડડીયા
યુરોલોજીસ્ટ
નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## અમરેલી પંથકમાં ધીમી ગતિએ વરસાદનું આગમન શરૂ થયું હોય

# વરસાદી આફતને ભરી પીવા એનડીઆરએફની ટીમ આવી પહોંચી

આગામી ૪ મહિનાં સુધી એનડીઆરએફનાં જવાનો જનતા જનાર્દનની સુરક્ષા માટે ખડેપગે રહેશે

જિલ્લામાં અવારનવાર ભારે વરસાદ, વાવાઝોડાનું આગમન થતું હોય રાજય સરકારે પાણી પહેલા પાળ બાંધી

જિલ્લામાં આડેધડ બાંધકામથી વરસાદી પાણીનો ભરાવો થવા સહિતની સમસ્યા હોવાથી ટીમની જરૂર રહેતી હોય છે

નદી, જળાશય કે તળાવો ઊંડા કરવા સહિતની કામગીરી નિયમ પ્રમાણે થાય તો વરસાદી આફતથી બચી શકાય






અમરેલી, તા. ૨૮
હવામાન વિભાગની આગાહીના પગલે અમરેલી જિલ્લામાં આજે વરસાદી માહોલ જામતા અમરેલી, રાજુલા, જાફરાબાદ, લાઠી, લીલીયા, બાબરા, સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં હળવાથી લઈ એક ઈંચ જેટલો વરસાદ પડયો હતો.
અમરેલી શહેરમાં ઘણાં જ સમયથી લોકો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહયા હતા. ત્યારે આજે સવારથી જ આકાશમાં વાદળાઓએ જમાવટ કર્યા બાદ ઝાપટાંસ્વરૂપે અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પાલિકાનાં શાસકો આળશ ખંખેરે

# અમરેલીનાં ચિતલ રોડ પર તૂટેલી ગટરનાં કારણે અવાર-નવાર અકસ્માતની ઘટનાં

### તૂટેલી ગટરને તાત્કાલીક મરામત કરવા માંગ

અમરેલી, તા. ૨૮
અમરેલીનાં પ્રવેશ દ્વાર સમા ચિતલરોડ ઉપર ભગવાન ગુરૂદત મંદિરના દરવાજા નજીક જમણી બાજુમાં આવેલ સ્ટુડન્ટ પોઈન્ટ તથા એક પ્રોવિઝનની સામે મુખ્ય માર્ગ ઉપર અગાઉ અમરેલી નગરપાલિકા દ્વારા ડીમોલેશન હાથ ધરેલ હતુ. ત્યારે આ મુખ્ય રોડની સાઈડમાં આવેલ ફૂટપાથ નીચે બનાવેલ પાણીના નિકાલ માટેની ગટરનો મોટો હિસ્સો તૂટી ગયેલ છે. જેના કારણે આ રોડ ઉપરથી પસાર થતા અનેક સિનિયર સીટીઝન તેમજ બાળકો, મહિલાઓ ગટરના તૂટેલા ભાગમાં પડી જવાના અવાર નવાર બનાવ બનતા હોય,



તાત્કાલીક આ ભગવાન ગુરૂદત મંદિરમાં દરવાજા નજીક જમણી બાજુમાં આવેલી તૂટેલી ગટરને રિપેર કરી અને તેમની ઉપર ફરી વખત બ્લોક નાખવા આજુબાજુના વેપારીઓ દ્વારા અમરેલી પાલિકાને રજૂઆત કરેલ છે.

## કારમી મોંઘવારી અને બેરોજગારીનાં માહોલમાં નવી ઉપાધિ

# ચલાલાના કેબિનધારકોને વહીવટીતંત્રએ દબાણ હટાવવા નોટિસ પાઠવતાં દેકારો

### અમીરોને મોજે મોજ અને ગરીબોને અનેક વ્યાધિ

ચલાલા, તા. ૨૮
ચલાલામાં આજે દબાણ ધારકોને રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટાવિભાગ કોડીનાર અને ચલાલા નગરપાલીકાના વહીવટદાર દ્વારા દિન-૧માં પોતાના દબાણ જેવા કેબીના, ઓટલાઓ, પતરાના છાંપડા, ટેબલો, સહિતના દબાણો દુર કરવા માહિતગાર કરવામાં આવતા દબાણકર્તાઓ ફફડાટ સાથે ચિંતાો માહોલ જોવા મળ્યો છે વખતોવખત તમે દ્વારા દબાણો દુર કરવાના બહાને નાના ધંધાર્થીની રોજગારી છીનવાતી હોવાના ઘાટ સર્જાય છે. દબાણો દુર કર્યા બાદ તેમ દ્વારા ખુલ્લી થયેલ જગ્યાની કામગીરી થાતી ના હોય જેથી ફરીથી ખુલ્લી થયેલ જગ્યા પર દબાણો થાય છે. દબાણકર્તાઓમાં ભારે દોડા-દોડી થવા પામેલ છે અમરેલી રોડ, ધારી રોડ, અને સાવરકુંડલા રોડ પરના દબાણકર્તાઓને પોતાના દબાણો હટાવી લેવાની સુચના આપવમાં આવેલ છે, કેબીન ધારકો પોતાના પરીવારનું ગુજરાન માંડ માંડ ચલાવતા હોય તેની રોજગારી છિનવાતા પરિવાર મુશ્કેલીમાં મુકાય છે.

## કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

# અમરેલીમાં સત્યનારાયણ સોસાયટીમાં રહેતી મહિલાએ ઝેરી દવા પી અંતિમવાટ પકડી

### ગોંડલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૨૮
અમરેલીના હનુમાનપરા રોડ ઉપર આવેલ ગુણાતીત નગર સત્યનારાયણ સોસાયટી શેરી નં. ૨ માં રહેતા મમતાબેન મેહુલભાઈ બાંભણીયા નામની ૨૭ વર્ષિય પરિણીતાએ ગત તા. ૨૬ ના રોજ સાંજે ૫ કલાકે કોઈપણ અગમ્ય કારણસર ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા પ્રથમ અમરેલી સિવિલ બાદ વધુ સારવાર બાદ ગોંડલ હોસ્પિટલમાં સારવારમાટે ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...

સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

Krishna
DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
**મેડીકલ ઓફિસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## વરસડા માર્ગનાં રેલ્વે ફાટક નજીકથી

# ભૈ વાહ : અમરેલી સિટી પોલીસે ૯ પશુઓને ક્રુરતામાંથી મુક્ત કરાવ્યા

### ટ્રક ચાલક વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરાઈ




અમરેલી, તા. ૨૮
અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પરમારની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી સીટીમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી અને અમરેલી શહેરમાં આવેલ લાઠી રોડ ઉપરના રેલ્વે ફાટક પાસે એક

**અનુસંધાન પાના ૬ ઉપર**

# સાવરકુંડલાનાં આંબરડી ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી






તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવના ત્રીજા દિવસે સાવરકુંડલાના આંબરડી માધ્યમીક શાળાખાતે પ્રાથમિકશાળામાંબાળકોનો શાળા પ્રવેશ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભૂલકાઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સા.કુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન અને આંબરડી ગામના અગ્રણી દીપકભાઈ માલાણીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે આત્મિયતા પૂર્વક સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગોદાની, ગામના સરપંચ પ્રેમજીભાઈ બગડા, સાવરકુંડલા કિસાન મોરચાના પ્રમુખ જયસુખભાઈ કસવાળા, આંબરડીના પૂર્વ સરપંચ બાબુભાઈ માલાણી, સ્થાનિક આગેવાન ગિરધરભાઈ પાંચાણી, સુરત સ્થિત ઉદ્યોગપતિ અતુલભાઈ માલાણી અને તાલુકા/જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો, શિક્ષણાધિકારી તથા તેમની ટીમ, ગામોના વરિષ્ઠ આગેવાનો, વાલીઓ, બાળકો અને પ્રવેશોત્સુક ભૂલકાંઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ૪૭ બાળકોએ શાળામાં પ્રવેશ લીધો હતો, બાળકોને કંકુ પગલાં કરી અનોખી રીતે પ્રવેશઆપવામાંઆવ્યોહતો, આંબરડી પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળાસ્ટાફદ્વારાભારેજહેમતઉઠાવી શાળા પ્રવેશોત્સવને સફળ બનાવ્યો હતો.

### એક મહિલાને મોબાઈલ ફોન આપવા બાબતે

## લાઠીનાં શેખપીપરીયા ગામનાં યુવક ઉપર લોખંડનાં પાઈપ વડે હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૮

મુળ અમરેલી તાલુકાના વરસડા ગામના વતની અને હાલ લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામે રહેતા વિમલભાઈ ઉર્ફે લાલો બાલાભાઈ કુબાવત નામનાં ૩૨ વર્ષિય યુવક તા. ૨૬ રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસમાં પોતાના બહેનના ઘરે શેખપીપરીયા ગામે ધાબા ઉપર પોતાનો મોબાઈલ જોતા હતા. તે દરમ્યાન શેખ પીપરીયા ગામે રહેતા આરોપી માનસુરભાઈ ભીખાભાઈએ યુવકને સાદ પાડી નીચે બજારમાં બોલાવી અને તે મારી ભાભીને મોબાઈલ ફોન કેમ આપેલ હતો ? તે બાબતે બોલાચાલી કરી દરમ્યાન અન્ય આરોપી વિશાલભાઈ હમીરભાઈ તથા સંજયભાઈ હમીરભાઈ લોખંડના પાઈપો લઈને આવી યુવકને લોખંડના પાઈપ વડે એક ઘા મારી ઈજા કરી તેમજ બીજો ઘા જમણા પગે મારી ઈજા કરી યુવક નીચે પડી જતા આરોપીઓએ શરીરે આડેધડ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### વેપારીઓના પ્રશ્નોને વાચા આપવા

## બગસરામાં પુનઃ વેપારી મહામંડળની સ્થાપના કરવામાં આવતા વેપારીઓ ખુશ

### નવનિયુક્ત હોદ્દેદારો ઉપર અભિનંદનવર્ષા

બગસરા, તા. ૨૮

બગસરામાં વેપારી મહામંડળની રચના કરવામાં આવી હતી બગસરામાં ૨૦૧૮ થી સુષુપ્ત અવસ્થામાં હતી અને જેના લીધે બગસરામાં યુવાનો દ્વારા વેપારી મહામંડળને ઊભું કરવા માટે ફરી વેપારી મહામંડળ ની રચના કરવામાં આવી જેમાં ચેમ્બર ઓફ કોમર્સ ની સંસ્થા દ્વારા ટેકો જાહેર કરી આ સંસ્થાને જાગૃત કરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદે સંદીપભાઈ કોઠારી તથા ઉપપ્રમુખ તરીકે હનીફભાઈ બીલખિયા ઉપપ્રમુખ ભાવેશભાઈ પરમાર તથા સહમંત્રી સમીરભાઈ વિરાણી પત્રકાર કેવલભાઈ જોશી ખજાનચી, મહેશભાઈ માંડલિયા સહ ખજાનચી, પ્રકાશભાઈ ભરખડા સંગઠન સભ્ય કાર્યકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે આ ઉપરાંત અનિઢદ્ધભાઈ જોશી, ધીરેનભાઈ હિંગુ ,કનુભાઈ વ્યાસ, અનિલભાઈ વાલેરા, ગુલાભાઈ હેદરા, મુકેશભાઈ નારીગરા, હરેશભાઈ ભદ્રેશડા, ઉદયભાઈ ધાધલ, ગોપાલભાઈ રાદડિયા સહિતના નવનિયુક્ત વેપારી મહામંડળમાં જોડાયા છે આ સંસ્થામાં વધુ વેગવંતી બને તે હેતુથી અને બગસરાના વેપારીઓના પ્રશ્નોને વાચા આપવા માટે સતત જાગૃત રહે તેવા હેતુથી આ




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સંસ્થાને ખડે પગે કરવામાં આવી છે આ માટે બગસરાના વેપારીઓ આગેવાનો દ્વારા ફોન દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને આ સંસ્થા વધુ પ્રગતિ કરે અને બગસરાની પ્રજાના વાચા આપે તેવી લોકોની માંગણી ઉઠી છે આતકે કારોબારી હોદ્દેદારોનું ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલ દ્વારા હારતોરા તથા મોં મીઠા કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### કોંગી નગર સેવકોની મધ્યસ્થીથી

## અંતે સાવરકુંડલાના સફાઈ કામદારોની હડતાલનો અંત

### શહેરમાં સ્વચ્છતાનું કાર્ય શરૂ થશે



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા નગરપાલિકા માંછેલ્લા ૩ દિવસથી વિવિધ માંગણીઓ સબ પાલિકાના રોજમદાર સફાઈ કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા સાવરકુંડલા શહેરમાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગલા એકઠા થતા શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને અનેક વિસ્તાર માં ગટરો ઉભરાવાના બનાવો બનતા જયાં ત્યાં વિસ્તારો માં અતિ દુરગંધના કારણે લોકોએ કાંગ્રેસી નગરસેવકોને આ બાબતે શહેરના હિતમાં રજુઆત કરતા જ આ કાંગ્રેસી નગર સેવક નાસીર ચૌહાણ, અશોકભાઈ ખુમાણ, જીગાદાદા ભરાડ સહિતના કોંગી નગરસેવકોએ ભાજપ કોંગ્રેસની રાજનીતિ એક બાજુ રાખી શહેરના હિતમાં અને લોકોને પડતી હાલાકી ને ધ્યાને લઈ પાલિકાના સત્તાધીશો અને હડતાળ પર બેસેલ સફાઈ કર્મીઓ વચ્ચે મધ્યસ્થી થઈ અને શહેરના હિતમાં આ હડતાલનો સુખદ અંત લાવેલ અને હડતાલ પુર્ણ કરી સફાઈ કર્મીઓએ આ આગેવાનો ને ફુલહાર થી સન્માનિત કરેલ હતા.

## સાવરકુંડલામાં આંગણવાડી ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાનાં આઝાદ ચોક ૨ ની કોડ નંબર ૧૮ ની આંગણવાડી કેન્દ્ર ખાતે નાનાં નાનાં ભૂલકાઓને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. અને ચાલુ ૨૨ બાળકો આંગણવાડી કેન્દ્ર ખાતે હોય અને વધુ નવાં બાળકોનાં શાળા પ્રવેશોત્સવ કરાવીને આંગણવાડી કેન્દ્રનાં સંચાલકો દ્વારા નાનાં ભૂલકાઓને જ્ઞાન સાથે ગમ્મત અને પોષ્ટીક આહાર સહિતનાં નાસ્તાની સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્ર કોડ નંબર ૧૭, ૧૮, ૧૧ અને ૬૧ દ્વારા નવા બાળકોનાં શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. જેમાં આંગણવાડી વર્કર સમીનાબેન કપાસી, ભાવનાબેન નથવાણી, શીલાબેન દેવમુરારી અને તૃપ્તિબેન રાજા દ્વારા ઉડીને આંખે વળગે તેવી કામગીરીથી વાલીઓ પણ ખુશખુશાલ થઈ ગયેલા હતા. નવા નાનાં ભૂલકાં અને આંગણવાડીનાં ભૂલકાઓ માટે પાણીની બોટલ અને નાસ્તાની વ્યવસ્થા હુસૈનભાઈ અબ્બાસભાઈ કપાસી તરફથી કરવામાં આવેલ હતી.

### જિલ્લા રજીસ્ટારની ઉપસ્થિતિમાં

## દામનગર માર્કેટયાર્ડનાં ચેરમેનની હરજીભાઈ નારોલાને જવાબદારી

### મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવાયા




દામનગર, તા. ૨૮

દામનગર માર્કેડયાર્ડના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાતા હરજીભાઈ નારોલા દામનગર માર્કેડયાર્ડની સામાન્ય ચૂંટણી ડીસેમ્બર–૨૦૨૧ માં યોજાઈ હતી. ૫–પાંચ વર્ષની મુદત માટે ખેડુત વિભાગના ૧૦–દસ તથા વેપારી વિભાગના ૪–ચાર એમ આ તમામ ડીરેકટરો બિનહરીફ ચુંટાયા હતા. ચુંટાયેલા ૧૪–ચૌદ સભ્યો ઉપરાંત સ્થાનિક સતામંડળ નગરપાલિકાના ૧–એક સદસ્ય અને સહકારી અધિકારી અમરેલી તથા વિસ્તરણ અધિકારી તાલુકા પંચાયત લાઠી મળી કુલ ૧૭ સભ્યોના બોર્ડમાં ચેરમેનપદે માટે ૨ – અઢી વર્ષની બીજી મુદત માટે તા. ૨૭ જુનના જીલ્લા રજીસ્ટારના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ચુંટણીમાં સહકારી અગ્રણીની હરજીભાઈ નારોલાની ચેરમેન તરીકે બીનહરીફ વરણી થવા પામી છે. અત્રે યાદ રહે નારોલા તાજેતરમાં જ અમરેલી જીલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાયા છે.

સહકારી અગ્રણી હરજીભાઈ નારોલા સહકારક્ષેત્રે પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. અનેક સામાજીક, અને સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા હરજીભાઈની યાર્ડના ચેરમેન પદે નિયુકતી થતા સ્થાનિક આગેવાનો અને કાર્યકરો ખુબજ આનંદ વ્યકત કરી તેઓને શુભેચ્છા પાઠવી રહ્યા છે. અત્રે આપીએ કે હરજીભાઈ નારોલા દામનગર માર્કેટયાર્ડમાં ૧૯૬૮ થી સમયાંતરે વેપારી વિભાગ, સહકારી વિભાગ અને ખેડુત વિભાગમાંથી ચુંટાતા રહ્યા છે. ૧૯૯૦ થી ૧૯૯૪ સુધી વાઈસ ચેરમેન તરીકે પણ ફરજ બજાવી ચુકેલા નારોલા ચેરમેન તરીકે નિમણુક પામતા મિત્રવર્તુળ અને શુભેચ્છકોમાં ખુશી વ્યાપેલ છે. ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હરજીભાઈ નારોલાના શુભેચ્છકો, મિત્રવર્તુળ અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### લોખંડની તારની વાડમાં ઈલેકટ્રીક વીજ પ્રવાહના લીધે

## સાવરકુંડલા રેન્જના કાર્યક્ષેત્રમાં ઈલેકટ્રોગ્યુશનથી વન્ય પ્રાણી નીલગાયનું મોત થતાં અરેરાટી

### વન વિભાગે ખેડૂત વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી

ધારી, તા. ૨૮

ગીર પૂર્વ વન વિભાગ ધારીના ડીસીએફ રાજદિપસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક શૈલેષ ત્રિવેદીની સૂચનાથી અને સાવરકુંડલા રેન્જ ફોરેસ્ટ ઓફીસરના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા રેન્જના સાવરકુંડલા રાઉન્ડમાં આવેલ મોટા ઝીંઝુડા રેવન્યુ વિસ્તારમાં ખેડુત દ્વારા તેની વાડીમાં ગેરકાયદેસર લોખંડના તારની વાડમાં ઈલેકટ્રીક વીજ પ્રવાહ પસાર કરી ઈલેકટ્રીક શોક આપી વન્યપ્રાણી નિલગાય નર ૧ નું મૃત્યુંનિપજાવેલહોય, આ બાતમીના આધારે તપાસ કરતા



આરોપી હસમુખ પુનાભાઈ રાદડીયા, (રહે. મોટા ઝીંઝુડા), દિનેશ કાનજી રાફુસા, (રહે. વેળાવદર, તા. ગારીયાધાર, હાલ રહે. મોટા ઝીંઝુડા), દેવચંદ લાભુ રાદડીયા, (રહે. મોટા ઝીંઝુડાવાળા) ત્રણેય આરોપીઓએ આ ગુનો આચર્યા બાદ પોતાના ટ્રેકટર વડે નિલગાયના મૃતદેહને ઢસરડી તેમની વાડીથી દૂર અવાવઢ વિસ્તારમાં નાખી ગુનો છુપાવેલ હતો. ત્રણેય આરોપી સામે ઘોરણસરની કાર્યવાહી કરી વાય.ઓ. જુણેજા (ફોરેસ્ટર –સાવરકુંડલા), બી.બી. મકવાણા (ફોરેસ્ટર), પી.સી.થળેસા, (વનરક્ષક) દ્વારા આરોપીને પકડી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ નીકલમ અન્વયે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરતા એડવાન્સ રીકવરી પેટે રૂા.૧,૫૦,૦૦૦ નોંદડ વસુલ કરવામાં આવેલ છે.

# સરંભડા ખાતે ઉચ્ચ અધિકારીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો






અમરેલી તાલુકાના સરંભડા ગામે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના અંડર સેક્રેટરી દિપકભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સરંભડા માધ્યમિક શાળા તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ આંગણવાડી, બાલવાટીકાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી ને બાળકોને દાતાઓ તરફથી મળેલ ભેટો આપવામાં આવી હતી.

સરંભડા ગામના આગેવાન અને ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, ગામના સરપંચ કંચનબેન દૂધાત, ઉપસરપંચ મધુભાઈ હરખાણી, તાલુકા પંચાયત સદસ્ય પતિ રાજુભાઈ કાછડીયા, માધ્યમિક શાળાના આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાય, પ્રાથમિક શાળાના આચાર્યા બિનાબહેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં ગામના આગેવાનો સર્વ મધુભાઈ દુધાત, દુદા ભગત, દાતા મધુભાઈ ફૂલાભાઈ દુધાત, દિનેશભાઈ દુધાત, કાળુભાઈ દોંગા, વિનુભાઈ દોંગા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. માધ્યમિક શાળાના શિક્ષકો સર્વ આશિષભાઈ ભટ્ટ, રમણીકભાઈ મોલડીયા, જયંતિભાઈ સોલંકી, કમલેશભાઈ ભટ્ટ, રણજિતસિંહ રાઠવા, અનિરૂધ્ધભાઈ કોટડીયા, મહેન્દ્રસિંહ પરમાર સહિત પ્રાથમિક શાળાના કથિરીયા અને સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું.

## ભાજપનાં અગ્રણીએ જ ભાજપ સરકારનાં રાજની કડવી વાસ્તવિકતા રજૂ કરી દીધી

# ભારતમાં શિક્ષણ વ્યવસ્થા જોક બની ગઈ : ડો. કાનાબાર

**અમરેલીમાં બાલમંદિર કે નર્સરી ચાલી શકે તેવા બિલ્ડિંગમાં કોલેજો ધમધમતી હોવાનું જણાવ્યું**

**સરકાર નવા હાઈવે બનાવવામાં ગળાડૂબ અને ભવિષ્યની પેઢી નિર્માણમાં ગંભીર નથી**

**ભારતની શિક્ષણ વ્યવસ્થાને ટી.એન. શેષાન જેવા નિષ્ઠાવાન અધિકારીની જરૂર**

**ભાજપમાં હોવા છતાં પણ આત્માનો અવાજ સાંભળીને સાચી વાત કહેવાની હિંમત અન્ય ભાજપીઓમાં ગોતી જડતી નથી**

અમરેલી, તા. ૨૮



અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર અવારનવાર ભ્રષ્ટ તંત્રને ખુલ્લું પાડતાં જોવા મળી રહ્યા છે. સત્તા પક્ષનાં અગ્રણી હોવા છતાં આત્માનો અવાજ સાંભળીને તેઓ સાચી વાત કહેતા અચકાતા નથી. આજે સત્તા પક્ષનાં આગેવાનો સાચી વાત કહેવાની હિંમત ખોઈ બેઠા છે તેવા સમયે ડો. કાનાબારે વધુ એક ટિવટ સોશ્યલ મીડિયામાં વાયરલ કરીને શિક્ષણક્ષેત્રમાં ચાલતી અંધાધુંધીનો પર્દાફાશ કર્યો છે.

તેઓએ ટિવટમાં જણાવેલ છે કે, ભારતમાં શિક્ષણ વ્યવસ્થા મોટી જોક બની ગઈ છે !

જે ક્ષેત્રમાં સૌથી વધુ ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ આવવા જોઈએ તે મેડિકલ ફિલ્ડમાં પ્રાઈવેટ મેડિકલ કોલેજોની ફી મધ્યમવર્ગને પણ પરવડે તેવી ના હોવાથી નીટમાં ૨૦% માર્કસ લાવવાવાળા શ્રીમંતોના બાળકો મેડિકલમાં એડમિશન મેળવી લે છે.

અન્ય બ્રાન્ચોની તો વાત કરતા પણ શરમ આવે તેવું છે. કોલેજોમાં જાવ નહિ તો પણ ડિગ્રી મળી જાય. શિક્ષણના ક્ષેત્રમાં જાણે દુકાનો ખુલી ગઈ છે ! નર્સિંગની અનેક કોલેજો માત્ર કાગળ પર હોસ્પિટલો સાથે જોડાણ ધરાવે છે પરિણામે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ મળતો નથી.

અમરેલીમાં પણ આવી કોલેજો ચાલે છે. માંડ બાલમંદિર કે નર્સરી ચાલી શકે તેવા બિલ્ડિંગમાં એક આર્ટસ–લો કોલેજ ચાલે છે. મેં કયારેય ત્યાં વિદ્યાર્થી જોયા નથી છતાં રજીસ્ટર ઉપર કેટલા હશે તે ભગવાન જાણે !

આપણે નવા નવા એકસપ્રેસ વે અને હાઈવેના નિર્માણમાં ગળાડૂબ છીએ પણ દેશની ભવિષ્યની પેઢીના નિર્માણમાં કોઈ રીતે ગંભીર નથી. ઈડી, સીબીઆઈ જેવી તપાસ એજન્સીઓને શિક્ષણ ક્ષેત્રમાં દેશના કરોડો વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે થઈ રહેલી આવી ખુલ્લેઆમ છેતરપિંડીને અટકાવવા કામે લગાડાશે તો રાષ્ટ્રને મોટું નુકસાન થતું અટકશે.

ભારતની શિક્ષણ વ્યવસ્થા ઝંખે છે એક "શેષાનને"!! તેમ અંતમાં જણાવેલ છે.

---

## બાઈક ઉપર હેરાફેરી શરૂ કરી

# રાજુલાનાં ચૌત્રા ગામનાં રત્નકલાકાર સહિતનાં ૨ ઈસમો વિદેશી દારૂ સાથે ઝડપાયા

**ગાંગડા ગામની મહિલા પાસેથી દારૂ લીધેલ**

અમરેલી, તા. ૨૮

રાજુલા તાલુકાના ચોત્રા ગામે રહેતા અને હિરા ઘસવાનું કામ કરતાં જીતુભાઈ ગોવિંદભાઈ નાગર તથા ઉના તાલુકાના ગાંગડા ગામે રહેતા સાગરભાઈ અરવિંદભાઈ પરમાર નામનાં આરોપીઓએ પોતાના કબ્જા હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪બીબી–૫૭૩૧ માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૭૫૦ મી.લી. કાચની બોટલ નંગ–૧૦ કિંમત રૂપિયા ૩૩૦૦ તથા મોટર સાયકલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ મળી રૂપિયા ૪૩,૩૦૦ના મુદ્દામાલ સાથે દારૂની હેરાફેરી કરતા મળી આવતા તથા આ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ઉના તાલુકાના ગાંગડા ગામે રહેતા મંજુબેન નામની મહિલા આરોપી પાસેથી મેળવેલ હોય ત્રણેય સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## વિશ્વાસઘાત, છેતરપીંડી તથા એટ્રોસીટી મુજબના ગંભીર ગુન્હામાં

# સાવરકુંડલાના ત્રણ વેપારીઓ વિરૂધ્ધ સેશન્સ અદાલત દ્વારા પ્રોસેસનો હુકમ થતા ચકચાર

**પ્લોટના દસ્તાવેજ ન કરી આપવા બાબતે માથાકૂટ**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા ખાતે રહેતા બગડા ચંદ્રિકાબને દાનજીભાઈ પાસેથી આરોપીઓ નં.૧ જયંતીભાઈ લાભુભાઈ વાટલીયા(પટેલ), તથા આરોપી નં. આરોપી નં.૩ના ચુનીભાઈ જેરામભાઈ કાનાણી, ઓ વિરૂધ્ધ સાવરકુંડલા વર્ષ ૨૦૨૦ ના વરસમાં ટાઉન પોલીસ મથકમાં ઈ.પી.કો. કલમ– ૧૨૦ બી, ૧૧૪, ૪૦૬, ૪૨૦ તથા, ૪૭૧, ૫૦૪, ૫૦૬ (૨) તથા અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ (અત્યાચાર થતા અટકાવવા બાબત) અધિનિયમ–૧૯૮૯ ની કલમ (૧) (૫) તથા ૩ (૧) (૮) તથા ૩(૧) (૧૦) તથા ૩(૨) (ii) વિગેરે મુજબના ગુન્હા સબબની ફરીયાદ પાસેથી પ્લોટના વેચાણ પેટે બાનાની રકમ પડાવી લઈ પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ ન હોય અને ફરિયાદી દ્વારા અવાર નવાર પ્લોટનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરી આપવા બાબતે રજુઆત કરતા આરોપીએ ફરીયાદીને જાતી સુચક અપમાન થાય તે રીતે પ્રયોગ કરી હડધુત કરેલ હોય જે કામે પોલીસમાં ફરીયાદ આપેલી પરંતુ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન થતા ફરીયાદીએ વકીલ એમ.બી.રાઠોડ મારફત સાવરકુંડલા ખાતેની સેશન્સ અદાલતમાં આરોપીઓ જંયીત લાભુ વાટલીયા તથા કીર્તિ ગોરધનદાસ રૂપારેલ તથા ચુની જેરામ કાનાણી સામે છેતરપીંડી અને એટ્રોસીટી એકટની કલમ સહીતની ફરીયાદ આપેલી જે ફરીયાદના કામે નામદાર સેશન્સ અદાલત દ્વારા તમામ આધાર પુરાવાઓ અને રજુ થયેલ જુબાનીના આધારે તાઃ ૨૭/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીઓ સામે ૪૦૬, ૪૨૦ તથા, ૫૦૬(૨) તથા અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ (અત્યાચાર થતા અટકાવવા બાબત) અધિનિયમ–૧૯૮૯ ની કલમ મુજબનો ગુનો પ્રથમદર્શનીય રીતે બનતો હોવાનું માની આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામેલ છે.

---

# ગળકોટડી પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

આજરોજ બાબરા તાલુકાનાં ગળકોટડી પ્રા.શાળા ખાતે અધિકારી તથા પદાધિકારીની ઉપસ્થિતિમાં ૨૧માં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

બાબરા તાલુકાનાં ગળકોટડી ગામ ખાતે આવેલ ગળકોટડી પ્રા. શાળા ખાતે સરકારના આદેશ મુજબ આંગણવાડી બાલવાટિકા તથા ધો – ૧ માં નવા પ્રવેશ પામતા બાળકો ને સત્કારવા, આવકારનો પ્રવેશોત્સ્વ યોજાયો હતો. બોરસણીયા સાહેબ (કલાસ–૨) તથા જીલ્લા પંચાયત સદસ્યા જયોત્સનાબેન રાઠોડ વતી પ્રતિનિધિ નિતિનભાઈ રાઠોડ, નિતિનભાઈ ચાવડા બી.આર.સી કો. ઓર્ડિનેટર, કિરીટભાઈ બગડા (ઉપપ્રમુખ ભાજપ), સંજયભાઈ વસાણી, જેઠસુરભાઈ ગરૈયા, સરપંચ દરેડ, વાસુરભાઈ ચૌહાણ સરપંચ પ્રતિનિધિ ગળકોટડી, જયબેન રમણા (સુપરવાઈઝર આંગણવાડી) અન્ય ગ્રામ આગેવાનોની હાજરીમાં આ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

આંગણવાડીમાં કુલ–૭, બાલવાટિકામાં કુલ–૧૬ તથા ધોરણ–૧માં કુલ ૨૮ બાળકોએ નવો પ્રવેશ મેળવ્યો હતો. દિવ્યાબને રામભાઈ હૂદડ તરફથી બાલવાટિકામં પ્રવેશ મેળવતા બાળકોને એક કીટ આપવામાં આવી હતી. સાથે શાળાના તેજસ્વી વિદ્યયાર્થીઓ તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરતાં બાળકોને ગ્રામ પંચાયત તરફથી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના ભુતપૂર્વ આચાર્ય બાબુભાઈ એન.બાબરિયા તરફથી તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. મહેમાનોના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળા આચાય દીપકભાઈ દવે દ્વારા દાતાઓના સન્માન કરી આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના ભાઈઓ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

---

## અવારનવાર અકસ્માતો થતાં હોય

# અમરેલીનાં સરકારવાડામાં ભૂગર્ભ ગટરનું ઢાંકણું લગાવવા માંગ

**જાગૃત્ત નાગરિકોએ પાલિકામાં રજૂઆત કરી**




અમરેલી, તા. ૨૮

અમરેલીના સરકાર વાડા વિસ્તારમાં જાહેર રોડ ઉપર ગટરનું ઢાંકણું ઢાંકવા માંગ ઉઠવા પામી છે.

અમરેલીના સરકારવાડા રોડ ઉપર ગુલાબશાહપીર, બરોડા ટ્રેડિંગની સામે આફ્રિકાવાળાના મકાનની બાજુમાં નગરપાલિકાના જાહેર રોડ ઉપર ગટરનું ઢાંકણું છેલ્લા ત્રણ માસથી ખુલી જતાં ત્યાંથી પસાર થતાં હજારો લોકોમાં ભયની લાગણી વચ્ચે પસાર થઈ રહ્યા છે. સ્કૂલે આવતા–જતા ભૂલકાઓ ગટરમાં પડી જશે તેઓ ભયવાલીમાં છે. પાંચેક ફૂટ ઊંડી આ ગટરમાં કોઈ ગબડી પડે તો બહાર નીકળવું પણ મુશ્કેલ છે. આ અંગે અગાઉ નગરપાલિકાને લેખિત અરજી પણ કરવામાં આવી છે પરંતુ કોઈ પગલા ન લેવાતા આ વિસ્તારના રહીશોમાં રોષ ફેલાઈ ગયો છે. બે દિવસ પૂર્વે એક રીક્ષા પણ ખુલ્લા ગટરના ઢાંકણામાં ખૂચ્ચી ગઈ હતી આસપાસના રહીશોની મદદ થી મહા મહેનતે આ રીક્ષા બહાર નીકળી હતી. આ ઢાંકણું બંધ કરવા આ વિસ્તારના સિરાજભાઈ ખેરાણી, ભોલાભાઈ પતંગવાળાએ માંગ કરી છે.











**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક
વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા
દ્વારા ગોલ્ડ લોન

A.P.C.C.S

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.

કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

જોઈએ છે...

HONDA

બાબરામાં હોન્ડા શોરૂમ માટે...

મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩

મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪









# સુકલક્કી કાયાની કવિતા

સુકલક્કી કાયા

એક મુઠી હાડકાનાં માળાને બંદૂકની ગોળીએ વીંધી નાખ્યો ત્યાં સુધી તો વાંધો નહી. તે મુઠી હાડકાનો દેહ પંચમહાભૂતમાં ભળી ગઈ. પણ ત્યાર બાદ એની આછીપાતળી સ્મૃતિને પણ નેસ્તનાબૂદ કરી નાખવાનો ઘેલછા હજુ પૂરી થઈ નથી.

એક દોહો છેઃ

નામ રહતા ઠકરા, નાણા નહી રહંત,
કીરત કેરા કોટડા, પાડયા નહી પડત.

કેટલી સાચી વાત છે. મહાત્મા ગાંધી હોય, માર્ટિન લ્યૂથરકિંગ હોય કે અબ્રાહમ લિંકન હોય–એમની હત્યા કરવાથી એમની વિચારધારાની હત્યા નથી કરી શકતી. આ વિચારધારામાં એક ગાંધીવિચારપણ આવે, વિચારધારા બે પ્રકારની હોય. એક જેને નેસ્તનાબૂદ કરી દેવા માટે એક વિચારધારાના જનકની જ હત્યા કરી દેવાય છે પણ એનાથી વિચારધારા અથવા પાપ બંને બમા મજબૂત થાય છે. કહ્યુ છે.

જેમ વિચારધારાઓ યાવદચંદ્ર દિવાકસે જગતને માર્ગદર્શન આપતી રહે છે. અને એને નાબૂદ નથી કરી શકતી. તે જ રીતે ગાંધી વિચારધારા સમય જવાની સાથે વધુ મજબૂત બનતી જશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ, ચિત્રકુટના સ્વપ્રદષ્ટા, સર્જક ચિતક અને સામાજસેવક નાનાજી દેશમુખ મહાદેવભાઈ દેસાઈના પુત્ર શ્રી નારાયણભાઈ દેસાઈને ગાંધીવિચાર માટે કાંઈક પ્રમાણે કહે છે.

‘‘મૈ નાના દેશમુખ આર.એસ.એસ. વાલા. ગાંધીકા હત્યારા ૩૨૦ કો કલમ જિસ પર લગી. નાના દેશમુખ આપસે કહ રહા કિ ૫૦૦૦ સાલકા ભારત કા ઈતિહાસ જિતના જાનતા હૂં ઔર જિતના પઢા ભી હૈ કિસી એક વિષયય કો છૂએ ઉસકો સમગ્રતા સે સ્પર્શ કરનેવાલા ગાંધીસે અધિક દુસરા કોઈ આદમી હમકો મિલા નહી.’’

ગાંધી વિચાર આજે પણ શાશ્વત છે. આવતીકાલે પણ એ વધુ પ્રસ્તુત બનીને ઉભરશે કારણ કે એના પાયાના સિધ્ધાંતોમાં સત્ય, અહિસા, બ્રહ્મચર્ય , અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતા–નિવારણ, જાતમહેનત, સર્વધર્મ–સમભાવ અને સ્વદેશી જેવા ગમેતે કાળમાં પ્રસ્તુત હોય તે તત્વો રહેલા છે. ગાંધી કહે છે કે, ‘કુદરત બધાની જરૂરિયાતો સંતોષ શકે છે પણ કોઈનો લાલચ સંતોષી શકે નહી. ’ ચરવડા જેલમાં બેઠા બેઠા પણ એ આશ્રમની પ્રવૃતિઓનુ સંકલન અને નિયમન કરે છે. ‘વ્રતવિચાર’ નામે પ્રસિધ્ધ આ લેખો/પ્રવચનો મંગળ પ્રભાતના નામે પ્રસિધ્ધ થયા છે. રામનામમાં અતૂટ વિશ્વાસ અને આમ છતાય અન્ય કોઈ ધર્મ પ્રત્યે અથવા તેના સિધ્ધાંતો પ્રત્યે જરાય સૂગ નહી. જેમણે ગાંધીજીને અનેક યાતાનાઓ આપી. અપમાનિત કર્યા, ઠેકડી ઉડાડી, જેલમાં નાખ્યા. તે બ્રિટિશરો અથવા તેમની સામે પડનાર આફ્રિકાના લગભગ આંતકવાદી કહી શકાય તેવા ગોરાઓ પ્રત્યે પણ ગાંધીના મનમાં કોઈ રોષ નનથી. ગાંધી એટલે

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

અજાતશત્રુ ગાંધી એટલે લોભ અને લાલચથી પર ગાંધી એટલે નાના–મોટાના કોઈ ભેદભાવ વગરની વ્યકિત અને આમ છતાંય ગાંધી એટલે પોતાનાં સિધ્ધાંતો સાથે જરાયે ચેડા કર્યા વગર જીવી જનાર મહામાનવ.

પણ સૌથી અગત્યનું કારણ ગાંધીવિચાર આજે પણ જીવંત રહ્યો અને વિશ્વભરમાં સ્વીકૃત બન્યો છે. તે માટેનુ કારણ મને સ્પર્શી ગયુ હોય તો તે છે ગાંધીજીની પારદર્શિતા અને નિર્ભળ પ્રમાણિકતા, સત્ય પ્રત્યેની નિષ્ઠા અને સર્જનહાર પ્રત્યેનો અતૂટ વિશ્વાસ, ઈશ્વરના બાધા જ સંતાનો સરખા અને પોતાની સામે આવતા બધા જ કામ અગત્યના એ વિચાર ગાંધીનો વિચાર છે. પ્રેમ, અહિસા અને સત્ય ગાંધી વિચારનું હદય છે. જયા સુધી માણસ જીવે છે. ત્યાં સુધી હદય સતત ધબકતુ રહે છે. એ કયારેય ધબકારો ચૂકતા નથી. બરાબર તે જ રીતે વરસો વિત્યા, હજુ સદીઓ વિતશે તો પણ ગાંધીવિચાર વિલીન થવાનો નથી. આજે ગાંધીવિચાર વિશ્વભરમાં સ્વીકૃત બન્યો છે. કદાચ ભારતમાં તેની સ્વીકૃતિ કે ચર્ચા થાય છે. તેના કરતા દુનિયામાં અન્યત્ર એનો વધારે ચર્ચા થાય છે. ‘ ઘર કો મુર્ગી દાલ બરાબર’ની વાત આપણે ગાંધીજીના કિસ્સામાં પણ સાચી પાડી છે. ગાંધીજી મહામાનવ અથવા વિશ્વમાનવ છે તે બધાએ સ્વીકાર્યુ છે. પણ સર્વાનુમતે ભારતમાં તેની સ્વીકૃતિ નથી.ગાંધી વિચારને આની કોઈ અસર થવાની નથી. એ શાશ્વત રહેવાનો છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન ગાંધીજી વિષે કહે છે.– "On the occasion of Mahatma Gandhi's 70th birthday. "Generations to come. it may well be, will scare believe that such a man as this one ever in flesh and blood walked upon this Earth. અર્થાત આવનાર પેઢીઓ આ પ્રકારનો હાડ, માંસ અને રૂધિરનો બનેલો માણસ આ પૃથ્વી પરથી પસાર થયો હશે તે સરળતાથી સ્વીકારી નહી શકે.’’

આ વિચારને મૂળતઃ અમૃતસિંચન કરો પુનઃપ્રસિધ્ધ કરનાર એવી પેઢીની પ્રતિનિધિ છે. જેણે ગાંધીજીએ વાંચ્યા છે. ઓછા, સાંભળ્યા છે વધારે અને એટલા એક નાનકડા વિચારબીજમાંથી એના મનમાં ગાંધીવિચારના વટવૃક્ષનો પાયો નખાતો જોઈ શકીએ છીએ.

બાપુ વિશે ઘણાએ લખ્યુ છે. ઘણી કવિતાઓ પણ લખાઈ છે. પણ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી જેનુ અંતરમન પ્રદૂષિત નથી થયુ એવી એક કોલેજકન્યા જેણે કદીયે ગાંધીજી જોયા નથી. ઝાઝા વાંચ્યા પણ નથી. લખે છે.

હે! સુકલકડી કાયા, ભારતના લાલ, તે તો કર્યુ કમાલ!(૨)ઈંગ્લેન્ડમાં બેરિસ્ટર બની, અસીલનો કેસ લડી,

તે તો જીત્યો લોકોનો વિશ્વાસ... હે! સુકલકડી કાયા....

૧૯૫૧માં ભારતમાં આવી, ગોખલ ગુરૂ બનાવી,પ્રજાકીય દુઃખ જાણવા, કરી ભારતયાત્રા....હે! સુકલકડી કાયા...

સત્ય, અહિસાનો સંદેશ આપી, સત્યાગ્રહને હથિયાર બનાવી,

પ્રજામાં સિચ્યો રાષ્ટ્રનો ભાવ...હે! સુકલકડી કાયા...
૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ ખેડી,
૧૯૧૮માંખેડા કરી.દ્રઢ કર્યોપ્રજા પ્રત્યેનો વિશ્વાસ..હે! સુકલકડી કાયા...
૧૯૩૦માં દાંડી માર્ચ કરી,
મીઠા પરનો કાનૂન તોડી, સજર્યો તે ઈતિહાસ... હે! સુકલકડી કાયા....
અરજી, પ્રાર્થના ને સભાની પધ્ધતિ અપનાવી,સવિનય કાનૂન તોડી,
કર્યો અહિંસક સમાધાનનો પ્રયાસ..
હે! સુકલકડી કાયા...અને છેવટે..ઓગસ્ટ ઓફર ઠુકરાવી,ભારત છોડો આંદોલન ચલાવી.અંગ્રજો એને આપ્યો કઠોર જવાબ. હ ે !
સુકલકડી કાયા...ખૂબ સંઘર્ષ કરી,
વાટાઘાટો કરી.૧૫ઓગસ્ટ ૧૯૪૯માં કરાવ્યો દેશ આઝાદ.હે! સુકલકડી કાયા.. રામ નામ પર ભરોસો રાખી,ચાલ્યુ તારુ કાજ, ને.મળ્યુ સ્વરાજ..હે! સુકલકડી કાયા...અને..એ રામને યાદ કરતા પ્રાર્થનાસભામાં થયો હાહાકાર બાપુ (૨)

ને...‘હે રામ’ બોલતા જીવનદીપ તારો બુઝાયો બાપુ..હે! સુકલકડી કાયા..મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી(૨)‘મહાત્મા’ ગાંધી બન્યો તુબાપુ(૨)
તે તો કરી કમાલ.–ઝંકાર

**–સુભાષ રાવળ, અમરેલી.(હાલ રાજકોટ)**




# અમરેલીનો છોકરો જયારે આતંરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાઢે છે

સૌરાષ્ટ્રનું અમરેલી ગામ. હરિભાઈ ગજેરાનું સુખી ગણાતું ખોરડું. એમને ત્રણ ભાઈઓ. વીસ–પચ્ચીસ માણસોનો બહોળો પરિવાર. પોણોસો વિઘા જમીન. પાંચ–પચ્ચીસ મજુરો કામ કરે. હરિભાઈનો બીજા નંબરનો દીકરો નિશાળે જાય ખરો. પણ ભણવામાં એનો જીવ ન ચોંટે. આખો દી' દોસ્તાર સાથે ધીંગામસ્તી કરતો રહે. રજાઓમાં કેટલાક ભાઈબંધો અને ગામના બીજા હીરાઘસુ લોકો સુરતથી વતન આવે ત્યારે વિસ્તારથી ડાયમંડ બિઝનેસની વાતો કરે અને આ કિશોર રસથી એ બધું સાંભળ્યા કરે. એના મનમાં થયા રાખે : લાવને હુંય સુરત જાઉં ! પણ ઘરે વડીલોને નનૈયો ભણી દીધો : તું એ બધું રહેવા દે. ભણવામાં ધ્યાન આપ !

કિશોરનું ચંચળ મન કેવી રીતે કાબૂમાં રહે ? સાત ચોપડી પૂરી થાય ન થાય ત્યાં એ સુરત ચાલ્યો ગયો – કોઈને કહ્યા કારવ્યા વગર ! બાપુજી મનાવવા આવ્યા. કિશોર મકકમ હતો એટલે હરિભાઈ આખરે પીગળ્યા. દીકરાને સુરતમાં જ રહેવા દઈને આ લેઉવા પટેલ પાછા અમરેલી આવ્યા ત્યારે એમણે સપનામાં ય વિચાર્યુ હશે ખરૂં કે આ દીકરો હીરા–ઝવેરાતની દુનિયામાં નામ કાઢશે અને ત્રણ જ દાયકામાં ૧૦૦૦ કરોડ કરતાંય વધારે ટર્ન ઓવર ધરાવતી કંપનીનો માલિક બની જશે ?

'હું સુરત આવ્યો તે ૧૯૬૯ની સાલ હતી' વસંત ગજેરા કહી રહ્યા છે, 'સુરત જવાનો ત્યારે એમને બહુ શોખ હતો. અત્યારે જેમ બે – ત્રણ દિવસની રજા દરમિયાન સાપુતારા કે મહાબળેશ્વર જેવા નજીકના હિલ સ્ટેશન પર જવાનો ક્રેઝ છે, તેમ. '૬૯માં સુરતના ગોપીપરા વિસ્તારમાં મધુભાઈ નામના અમારા એક સંબંધીના હીરા ઘસવાના

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

કારખાનામાં મેં કામ કરવાનું શરૂ કર્યુ. ત્યારે સુરતમાં અત્યારે છે એટલા કાઠિયાવાડીઓ કયાં હતા ? મોટી ઘંટીઓ કે ફેકટરીઓ પણ નહોતી. મધુભાઈના કારખાનામાં કામ શીખતો અને ત્યાં જ સુઈ જતો. લોજમાં જમતો. એ વખતે લાઈફ પણ ઓવી જ હતી..'

'મારા પછી ધીરૂભાઈ સુરત આવી ગયા – ૧૯૭૧માં તેઓ દસમાં સુધી ભણ્યા હતા.' ધીરૂભાઈ એટલે વસંત ગજેરાના મોટાભાઈ. હાલ તેઓ સુરતમાં છે. તેઓ કુલ છ ભાઈઓ. સૌથી મોટા ધીરૂભાઈ, બીજા નંબર પર વસંતભાઈ. તે પછી ગિરધરભાઈ, ચુનીભાઈ અશોકભાઈ અને સૌથી નાના બકુલભાઈ. ધીરૂભાઈ સિવાયના પાંચેય ભાઈઓ આજે લક્ષ્મી ડાયમંડ ગ્રુપ સાથે સંકળાયેલા છે અને હળીમળીને આખી દુનિયામાં વિસ્તરી ચૂકેલા બિઝનેસને સંભાળી રહ્યા છે.

'મે મારૂં કારખાનું શરૂ કર્યુ ત્યારે માંડ સત્તર વર્ષનો હતો' વસંત ગજેરાને એ દિવસ બરાબર યાદ છે., તે તારીખ હતી ૧૫–૫–૧૯૭૨. ઉદઘાટનની વિધિમાં અમરેલીથી લગભગ આખું ઘર આવ્યું હતું દીકરલ સ્વતંત્ર ધંધો શરૂ કરી રહ્યો હોય એનો આંનદ બધાને હોય જ ને ! બાપુજીએ કહેલું કે તારે કારખાનું શરૂ કરવું જ હોય તો હું તને મદદ કરીશ. એમણે મને ૧૦,૦૦૦ રૂપિયા આપેલા. ૫,૦૦૦ રૂપિયા મેં બચાવ્યા હતા....

# વાસુદેવ બળવંત ફડકે

**જન્મ : ૪ નવેમ્બર, ૧૮૪૫**
**વીરગતિ : ૧૭ ફેબ્રુઆરી, ૧૮૮૩**

વાસુદેવ બળવંત ફડકે કોલાબા જીલ્લાના શિરઢોલ ગામના વતની હતા. તેમનો જન્મ ૪ નવેમ્બર, ૧૮૪૫ના રોજ થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને તેઓ અંગ્રેજ સરકારની મિલિટરીમાં ફાઈનાન્સ વિભાગમાં પૂણે ખાતે નોકરી કરતા હતા. એક દિવસ એમને ખબર મળ્યા કે પોતાની મા બિમાર છે. વાસુદેવે રજા માગી પણ નિષ્ઠુર અંગ્રેજ અધિકારીએ રજા આપવાની ના પાડી દીધી. વાસુદેવે નોકરીમાં રાજીનામું આપીને બિમાર માતા પાસે પહોંચી ગયા. માતાંના એમને અંતિમદર્શન તો થઈ શકયા, પરંતુ એમની સેવા કરવાનો લાભ વાસુદેવને ન મળ્યો. બીજા જ દિવસે મા મરી ગઈ. વાસુદેવનું મન અંગ્રેજ સરકાર પ્રત્યે ધૃણાથી ભરાઈ ગયું. એમણે નિશ્ચય કર્યો. ભલે હું મારી જન્મદાતા માતાની સેવા ન કરી શકયો, પરંતુ ભારતમાતાની સેવા જરૂર કરીશ.અને અંગ્રેજ સરકારના પંજામાંથી છોડાવીને જ રહીશ. આ નિશ્ચય સાથે વાસુદેવ સહ્યાદ્રિના જંગલમાં ઊતરી પડયા. શિવાજી જેમ માવલાઓને સંગઠિત કર્યા તેમ વાસુદેવે પહાડોમાં રામાણી નામની પછાત જાતિ સંગઠિત કરવા માંડી. આ ઉપરાંત ગરોડી, માંગ, ધનવર જેવા વનવાસી લોકોને પણ તેમાં સામેલ કર્યા, અખાડા પ્રવૃતિ ચલાવી. પ્લેગ અને દુકાળ વખતે નાગપુર, ખંડવા ઈન્દોર વગેરે સ્થળે પગપાળા ફરીને



લોકોને સમજાવવા માંડયું કે આપણી કંગાલિયતનું મૂળ અંગ્રેજો છે. સિંહગઢમાંથી વાસુદેવને ગોવિંદરાવ દાવરે અને દોલતરાવ રામોશી નામના બે ખડતલ સૈનિકો મળી આવ્યા. આ બંનેનુ વનવાસીઓમાં ખૂબ જ વર્ચસ્વ હતું. બંને સેનાપતિની જવાબદારી સંભાળવા માંડયા. જોતજોતામાં મહારાષ્ટ્રમાં વાસુદેવની સેનાની હક બોલાવા માંડી અંગ્રેજ સરકારની તિજોરી લૂંટવા એના થાણા પર વાસુદેવની સેનાએ છાપો મારવા માંડયો. સરકારે વાસુદેવના માથા સાટે ચાર હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યુ. સામે વાસુદેવે મુંબઈના ગર્વનર કે પૂણેના કલેકટરના માથા સાટે પાંચ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યુ. આનાથી સરકાર વધારે ઉશ્કેરાઈ. સરકારે મેજર ડેનિયલ નામના અંગ્રેજ અધિકારીને વાસુદેવની ધરપકડની જવાબદારી સોપી. કોંકવામાં મહિપાલ ટીલા પાસે વાસુદેવ ઘેરાયા, પરંતે છટકી ગયા. આ લડાઈમાં તેમના સેનાપતિ દોલતરાય શહીદ થયા. બે અંગ્રેજ અધિકારીઓ પણ માર્યા ગયા.




વાસુદેવ બિમાર પડયા. સાજા થઈ પાછા મેદાનમાં ઊતર્યા, પરંતુ તબિયત ફરીથી કથળી. દેવાનવડની ખાતે બેભાન અવસ્થામાં ઝડપાયા. તેમને કાળાપાણીની સજા સંભળાવી એડનની જેલમાં મોકલી આપવામાં આવ્યા. જેલના અધિકારીઓએ એમને પાર વગરની પીડા આપી. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૮૩ના રોજ તેઓ જેલ તોડીને ભાગી ગયા અને પડકાયા પછી પર આમરણ ઉપવાસ પર ઊતર્યા. અત્યંત ભૂખ અને તરસને કારણે સાડત્રીસ વર્ષના આ ક્રાંતિકારી વિદશેની જેલમાં ૧૭ ફેબ્રુઆરી, ૧૮૮૩ના રોજ વીરગતિને પામ્યા. માત્ર મારવાથી બલિદાન નથી થવાતું, પણ મરવાનું કારણ માણસને બલિદાની બનાવે છે.

# લઘુકવયે વાહન સવારી


**શિશુવંદના**

– ગિજુભાઈ ભરાડ

કેન્દ્ર સરકારે તેના અધિનિયમમાં સુધારો કરીને કેટલાક દ્વિચક્રી વાહનોમાં લાયન્સ વિના કિશોરેને ચાલવાની મુકિત આપીને માતા–પિતા માટે છેલ્લા કેટલાક સમયથી નવુ સંકટ ઉભુ કર્યુ છે વાહનો પણ એવા સંશોધિત થતા રહ્યા છે. કે બાળકોનું એના તરફ આકર્ષણ સતત વધતુ જાય છે. એ સિવાય પણ એવા માતા–પિતાઓ પણ છે. જેઓ નાની વયના સંતાનો પાસે પોતાનુ વાહન ચલાવડીને વ્યર્થ ગૌરવ અનુભવે કરે છે. જે વાહનને ગતિ દરમિયાન પોતે અંકુશમાં રાખી ન શકે તેના પર પણ કિશોરો અને તરુણો સવાર કરતા જોવા મળે છે. મોટા શહેરને બાદ કરતા તાલુકા અને જિલ્લા કક્ષાના કેન્દ્રોમાં તથા ગ્રામ વિસ્તારોમાં અનેક નવો ઉપદ્રવ છે. અકસ્માતનોનું અતિશય ગંભીર જોખમ વહોરીને પણ તેઓ સવારી કરી રહ્યા છે અને તેમને અટકાવનારા જાણે કે કોઈ નથી. નજીકની ઓર્થોપેડિક હોસ્પિટલની મુલાકાત લેશો તે ખ્યાલ આવશે કે સંતાનના હાથમાં વાહનની ચાવી મુકતા પહેલા સૌ વાર વિચારવુ પડે એમ છે.

# પ્રાણીઓ આપણા મિત્રો

અજય અને વિજય એમ બંને ખાસ મિત્રો. વિજય ભણવામાં ખૂબ હોશિયારઅને અજય ભણવામાં સાધારણ. ઘરેથી નિશાળ બે કિ.મી. દૂર. બંને ચાલીને શાળાએ જતા. રસ્તામાં પશા પટેલનો વાડ આવે. પશા પટેલને એક ભેંસ હતી. અજય રોજ ભેંસનુ પૂછડુ ખેંચી તેને હેરાન કરતો. જયારે વિજય ભેંસે પ્રેમથી માથામાં હાથ ફેરવતો અને આજુબાજુમાં ઘાસ પડયુ હોય તો તેને નાખતો.થોડેક આગળ જતા મનુ મખીનુ ઘર આવતુ. મનુ મુખીને એક સરસ મજાનો ઘોડો હતો. અજય ઘોડાને રોજ ખોટેખોટો પજવે. કયારેક નાનો પથ્થર પણ મારે. જયારે વિજય રોજ ઘોડાને પ્રેમથી પંપો અનેન આજુબાજુ ઘાસ હોય તો તે પણ નાંખે.એક દિવસ બંને ઘરેથી નીકળ્યા, થોડુ ચાલ્યા હશે ત્યાં રસ્તામાં વિજયને પગમાં કાંટો વાગ્યો. જેમ તેમ કરીને પગમાંથી કાંટો કાઢીયો, છતા પણ ખૂબ જ દુઃખાવો થતો હતો.અજયે કહ્યુ, ‘ નિશાળ હજી ઘણી દૂર છે. આમ તારાથી ચાલશે નહી, તુ ઘરે જતો રહે. ‘વિજયે કહ્યુ, ‘ના ના મારે શાળામાં રજા નથી રાખવી. હુ ગમે તેમ કરીને શાળાએ આવીશ જ.’મનુ મુખીના ઘોડાએ લંગડતા–લંગડાતા જતા વિજયને જોયો. ઘોડાને લાગ્યુ કે આજે મારે તેની મદદ કરવી જ જોઈએ. તે રોજ મને કેવુ પંપાળે છે! અને ઘાસ પણ નાખે છે. વિજયને જોઈને હણહણાટી કરવા લાગ્યો. ઘોડાની હણહણાટી સાંભળીને મુખી પણ ઘરની બહાર નીકળ્યા. ઘોડો છૂટવા માટે ધમપછાડા કરતો હતો. મુખીએ વિજયને લંગડાતો જોયો આથી તે આખી વાત સમજી ગયા.ઘોડાને છોડત જ તે વિજયને બેસવા માટે ઈશારો કરવા લાગ્યો..મુખીના કહેવાથી વિજય ઘોડા ઉપર બેસીને સમયસર નિશાળે પહોંચી ગયો.થોડા દિવસ પછી ચોમાસુ




આવ્યુ, એક દિવસ ખૂબ જ વરસાદ પડયો. વિજય અજયને બોલવવા ગયો તો કહે,‘આવા ધોમધાર વરસાદમાં મારે નિશાળે નથી આવવુ. માંડ ઘરે રહેવાનો મોકો મળ્યો છે,તારે જવુ હોય તો તુ જઈ શકે છે.’વિજયે કહ્યુ કે, ‘ તુ નિશાળે બહુ ગેરહાજર રહે છે. આથી જ અભ્યાસમાં નબળો રહી ગયો છે. હું તો આવા વરસાદમાં નિશાળે જઈશ જે.’ એમ કહી વિજય નિશાળે જવા રવાના થયો.વરસાદમાં વિજય પલળતો...પલળતો જતો હતો



ત્યાં પશા પટેલનો વાડો આવ્યો. વરસાદ હોવાથી ભેંસ છૂટી જ હતી. વિજયને જોતા જ તે આનંદમાં આવી ગઈ. વિજયને એક વિચાર આવ્યો. ઘણી વખત તેણે નાના ગોવાળિયાઓને ભેંસ પર બેસતા જોયા હતા.તેણે વિચાર્યુ કે, ‘હુ પણ આજ ભેંસ પર બેસીને નિશાળે જાઉ તો!’’ ભેંસ પર તેની વાત સમજી ગઈ હોય તેમ થોડીક નીચી નમી, વિજય તેના બેસીને સમયસર શાળાએ પહોંચી ગયો.બાલમિત્રો પ્રાણીઓ પણ આપણા મિત્રો જ છે. તમે પશુ–પક્ષી ઉપર પ્રેમ રાખો તો તમને મદદ કરવા તૈયાર જ હોય છે. કોઈ પશુ–પક્ષીને કયારેય હેરાન કરાય નહિ. મોટા થયા ત્યારે ‘જુમો ભિસ્તી’ અને ‘કાશીમાનો કૂતરો’ વાર્તા અવશ્ય વાંચજો.

**બાલમિત્રો,**



જીવનમાં શ્રધ્ધા, વિશ્વાસ, પ્રમાણિકતા, ખંત આધાર સ્તંભો છે. તેના બે જીવન જીવી જવાય છે. એટલુ જ નહિ ઈશ્વરના દર્શન પણ થઈ શકે છે. વાત સાવ નાની છે. જાણીતી છે. પણ યાદ કરવા જેવી છે. ધ્રુવ અને પ્રહલાદનાં નામ તો જાણો જ છો. એમના વિશે ભણી પણ ગયા હશો. વાર્તાપણ સાંભળી હશે. માત્ર વાર્તા સાંભળવાથી કામ અધૂરું ને રહે. ભગવાન પણ મળે.

નાનકડો ધ્રુવ પાંચ–સાત વર્ષની ઉમંરમાં ભગવાને મેળવવા તપ કરવા ચાલ્યો જાય છે. કપરુ તપ કર્યુ. અકે પગે ઉભા રહીને તપ કર્યુ. અંતે ભગવાનને આવવુ પડયુ. પિતાજીનો ખોળે તો મળ્યો જ પણ અવકાશમાં ધ્રુવ નામનો તારો જ છે. એવુ અવિચળ સ્થાન પણ મળ્યું.


જીવન ધારીએ એટલે સરળ અને આસાન નથી. એમાં પણ ચઢાવ ઉતાર આવે જ. એનો હિંમતથી સામનો કરીએ તો બધુ સરળ બની જાય. જેમ રાત્રિના અંધકાર પછી સૂર્યદય થવાનો જ છે. એમ માટે અત્યારે તમારુ તપ સાધના અભ્યાસ કરવાની છે. એમા નિષ્ઠાપૂર્વક પ્રમાણિકાતાથી વળગી રહેશો તો જરૂર સફળતા મળશે જ.

# હંસ અને કાગડો

એક હતું સરોવર, મોટા દરિયા જેવડું, એને કાંઠે એક વડ, મોટો બધો વડ. એની ઉપર એક કાગડો રહે.

કાગડો તો કાળો કાળો મેશ. કોગડો એક આંખે કાણો અને એક પગે ખાંગો. કાગડો બોલે– કો કો કાગડો ઉડો તો જાણે પડયો કે પડશુ. તોય કાગડાની ગો માય નહિ. મનમાં તો એમ કે મારા જેવુ કોઈ ન ઉડે, મારુ જેવુ કોઈ ન બોલે! કાગડો દોઢડાહ્યો થઈને બેસે અને બધા કાગડાને ડરાવે.એક વાર ત્યાં હસ આવ્યા. આવીને વડ ઉપર રાત રહ્યા. સવાર પડી ત્યાર કાગડે ભાળ્યા. કાગડો વિચારમાં પડયો–અરે. આ વળી કોણ હશે? આ નવતર પ્રાણી કયાંના? કાગડે બાપગોતર હંસ ભાળ્યા હોય તો ને! કાગડે એક આંખ ફેરવી, એક પગ ઉચો કર્યો ને રોફથી પૂછયુ – આલ્યા, એ કોણ છો તમે ? અહી કેમ આવ્યા છો? પૂછયા વિના કેમ બેઠા ?હંસ કહે–ભાઈ! અમે હંસ છીએ. ફરતા ફરતા આવ્યા છીએ, હમણા જ થાક ખાઈને ચાલ્યા જશુ.કાગડો કહે – એ તો બધુ જાણ્યુ પણ કાંઈ ઉડતા કરતા આવડે છ કે ફકત મોટા શરીરી જ વધાર્યા છે?હંસ કહે – આવડે એવુ સરખુ. ઠીકઠીક ઉડી જાણીએ. કાગડો કહે – વારુ, ઉડવાની કાંઈ જાતોબાતો આવડે છે? આપણને તો એકાવન ઉડ આવડે છે.હંસ કહે – એકાવન તો શુ, પણ એકાદ ઉડ ઉડી જાણીએ.કાગડો કહે – ઓયવોય ! એમા તે શુ મોટુ ?હંસ કહે – એ તો અમને તો એવુ જ આવડે ના ?કાગડો કહે – કાગડા જેવુ કોઈ થયુ છે? કયા એકાવન ને કયા એક! કાગડો તે કાગડો, ને હંસ તે હંસ! હંસો સાંભળી રહ્યા. ને મનમાં મનમાં હસી રહ્યા. પણ હંસોમાં એક હંસ જુવાન હતો. એનાથી ન રહેવાયુ. એનુ લોહી ઉકળ્યુ. એ બોલ્યો–કાગડાભાઈ ! હવે બસ થઈ. નકામી વાતો શી કરવી? ચાલો ને આપણે જરાક ઉડી જોઈએ. તમારી એકવાન ઉડ બતાવો તો ખરા! પછી જોઈએ, ને પછી ખબર પડે કે કાગડો તે કાગડો અને હંસ તે હંસ છે કે નહિ.કાગડો કહે –ચાલો.હંસ કહે – ત્યારે બતાવો.કાગડે તો ઉડો બતાવવા માંડી. ઘડીક ઉચે ચડયો ને કહે – આ એક ઉડ. પાછો નીચે આવ્યો ને કહે – આ બીજી ઉડ. પાછો પાંદડે ઉડીને બેઠો ને કહે – આ ત્રીજી ઉડ. વળી પાછો એક પગે જમણી કોર ઉડયો ને કહે– આ ચોથી ઉડ. પાછો ડાબી કોર ઉડયો ને કહે– આ પાંચમી.કાગડે તો આવી ઉડો કરવા માંડી, પાંચ, સાત, પંદર, વીસ, પચીસ, પચાસ ને એકાવન ઉડો કરી બતાવી. હંસ તો ટગરટગર જોઈ રહ્યા. મનમાં હસી રહ્યો એકાવન ઉડ પૂરી થઈએટલે કાગડાભાઈ મલકાતા આવ્યા ને કહે – કાં હંસભાઈ ! કેમ, કેવી ઉડ ? હંસો કહે – ઉડ તો ભારે ! પણ એક અમારી ઉડ પણ હવે જોશો ના?કાગડો કહે – હવે એક ઉડમાં તે શી જોવી’તી! આમ પાંખો ફફડાવીને આમ કરીને ઉડવુ, એમા જોવુ તુ શું ? હંસો કહે – એ તો ઠીક, પણ આ એક જ ઉડમાં જરા સાથે ઉડવા આવવુ હોય તો આવી જુઓ, જરા ખબર

## બાલકથાઓ



ગિજુભાઈ બધેકા(બાલસાહિત્યના બાબા)

તો પડે કે એક ઉડ પણ કેવી છે ? કાગડો કહે– ચાલો ને, તૈયાર જ છુ. એમાં કયા સિંહ મારવો છે! હંસ કહે– પણ તમારેય સાથે જ રહેવુ પડશે. તમે સાથે રહો તો બરાબર જોઈ શકો ને?કાગડો કહે–સાથે શું, આગળ ઉડું, પછી છે કાંઈ? તે આગળ ઉડયો ને હંસ તેની પાછળ ઉડયો.કાગડે તો ફડફડ પાંખો ફફડાવીને મારી મૂકયુ. હંસ પાછળ સાવ ધીરે ધીરે પાંખો ફફડાવતો ચાલ્યો. ત્યાં કાગડો પાછો વળીને કહે – કા? આ જ ઉડ છે ને! બીજુ કંઈ બતાવવુ બાકી છે?

હંસ કહે– ભાઈ, જરા ઉડયા જાઓ, ઉડયા જાઓ, હમણા ખબર પડશે.કાગડો કહે – હંસભાઈ ! કાં વાંસે વાંસે ચાલ્યા આવો? આવા ધીરા શુ છો ? ઉડવાના કાયર લાગો છો !હંસ કહે–ઉડો તો ખરા, ધીરે ધીરે ઠીક છે. કાગડાના પગમાં હજી જોર હતુ. કાગડો આગળ ને હંસ પાછળ ઉડયે જતા હતા. કાગડો કહે – કાં ભાઈ! આ જઉડ બતાવવી છે?લ્યો, ચાલો હવે થાકયો હશો, પાછા વળીએ આમા કાંઈમાલ નથી.હંસકહે–જરા આગળ તો ઉડો હજી ઉડ બતાવવી બાકી છે. કાગડો આગળ ઉડવા લાગ્યો. પણ કાગડાભાઈ હવે બાકી ગયા હતા. પોતે આગળના પાછળ થઈ ગયા. હંસ કહે –કાં કાગડાભાઈ! પાછળ કા રહો? ઉડ હજી થવાની છે.કાગડો કહે – ઉડો ઉડો, હું જોતો આવુ છુ, ઉડયો આવુ છુ. પણ કાગડાભાઈ ઢીલા થઈ ગયા હતા, પંડમાં જો નહોતુ રહ્યુ. ભાઈની પાંખો હવે પાણીમાં અડવા માંડી હતી. હંસ કહે–કાગડાભાઈ !

આ પાણીને પાંખ અડાડીને ઉડવુ એ કયા પ્રકારની ઉડ, ભલા? કાગડો જવાબ શો આપે? હંસ તો આગળ ઉડયો ને કાગડાભાઈ પાણીમાં ડૂબકા દેવા લાગ્યા. હંસ કહે– કાં કાગડાભાઈ, હજી મારા ઉડ તો જોવાની છે, થાકયા કયાં?કાગડો પાણી પીતો પીતો પણ આગળ ઉડવા મહેનત કરતો હતો. જરાક આગળ ગયો પણ પછી તો પાણી ઉપર પડી ગયો. હંસ કહે–કાગડાભાઈ! આ વળી કયો પ્રકાર કર્યો ? બાવનમો કે ત્રેપનમો ? પણ કાગડો તો પાણીમાં ગળકા ખાવા લાગ્યો હતો, રામશરણની તૈયારી થઈ હતી. હંસને દયા આવી. ઝટ લઈને પાસે આવ્યો ને કાગડાને પાણીમાથી કાઢી લઈ પીઠ પર બેસાડયો. પછી હંસ તેને પીઠ ઉપર લઈને ઉચે આકાશ સુધી ઉડયો.કાગડો કહે – એ ભાઈ! –આ તુ શુ કરે છે? મને તો ચક્કર આવે છે. આ તુ કયા ચાલ્યો? હેઠો ઉપર, ભાઈ! હેઠો ઉતર.કાગડો ધ્રૂજતો હતો.

હંસ કહે – ભાઈ! જો તો ખરો ? આ હુ તને એક ઉડ બતાવુ છુ.કાગડો ભોંઠો પડયો, મૂરખો બન્યો ને કરગરવા લાગ્યો. પછી હંસ હેઠે આવ્યો ને કાગડોને વડલા ઉપર મૂકયો ત્યારે કાગડાને થયુ કે...હાશ, હવે જીવ્યા ! પણ તે દિવસથી કાગડો સમજી ગયો.

## ચિત્ર દોરતા શીખ્યું છે ! અહિ આપેલ ચિત્ર પુરૂ કરો



# વાર્તા : ખાવ, ભાઈ, ખાવ !

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

સાહિત્યકાર, લઘુકથાકાર, બાળસાહિત્યકાર તરીકે ઓળખ મેળવી ચૂકેલા આ લેખકનો પરિચય: તેમનો પરિચય શ્રી રાધેશ્યામ શર્માએ 'સાક્ષરનો સાક્ષાત્કાર'માં આપ્યો છે, સાંકળચંદ પટેલ દ્વારા બાળસાહિત્યકારોના પરિચય ગ્રંથ 'બાળસાહિત્યનું સર્વાંગી દર્શન'માં બાલસાહિત્યકાર તરીકે આપ્યો છે, નટવર આહલપરા એ 'પ્રજ્ઞા પ્રતિભાનું કીર્તિ શિખર'માં આપ્યો છે, વંદિતાબહેન રાજયગુઢએ 'મળવા જેવા માણસ'માં આપ્યો છે, રવજીભાઈ કાચાએ 'પરિચય મંજુષામાં' આપ્યો

## કબુ, કબુ, આજા, આજા ! હસમુખ બોરાણિયા




છે. અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના 'પરિચય ગ્રંથ'માં જિલ્લાના સાહિત્યકારોનો પરિચય સુપેરે આપ્યો, સાહિત્ય કારોના વોટ્સએપ ગ્રૂપ 'સાહિત્ય સેતુ' ગ્રૂપમાં અનુપમભાઈ દોશીએ સરસ રીતે આપ્યો છે. મનોજ પંડ્યા દ્વારા વ્યક્તિ વિશેષ અંતર્ગત ગરવી ગુજરાતના કર્મવીરો શ્રેણીમાં પરિચય આપ્યો છે.

હસમુખભાઈની કૃતિઓ ગુજરાતના સાહિત્ય સામયિકોમાં અવાર નવાર પ્રગટ થાય છે.

**ખાવ, ભાઈ, ખાવ !**

નાનકડું ગામ. ગામમાં મનુ, કનુ, જનુ ને ચનુ વગેરે મિત્રો રહે. બધા ભણે, ગણે ને મજા કરે. મનુને બધાંની મજાક કરવાની ટેવ. બધાંની હાંસી ઉડાવે.

એક વખત એક મિત્ર મળી ગયો. મનુ કહે, "અમારે ઘેર આવજે, તને ખાધા વગર જવા નહિં દઉં !"



મનુના મિત્રને બપોરના સમયે યાદ આવ્યું, "મનુ કહેતો હતો તો ચાલને જઈ આવું." આમ વિચારીને મનુના ઘેર ગયો. ત્યાં જોયું તો ઘેર કોઈ નહીં, ડેલીએ તાળું મારેલું હતું. ત્યાં જોયું તો ઘેર કોઈ નહીં, ડેલીએ તાળું મારેલું હતું. મનુનો મિત્ર પાછો જવાની તૈયારીમાં હતો. ત્યાં મનુ દોડતો-દોડતો આવીને કહે, "કેમ ભાઈ ? મજા પડી ને ? અહીં તો કોઈ નહોતું જ, પણ મેં તને ખાધા વગર જવા નહીં એમ કહેલું ને ? એટલે તને ધકકો ખવડાવ્યો ને ? મજા પડી ને ? હા... હા... હા..." કરીને મનુ હસવા લાગ્યો. મિત્ર તો બિચારો લાચાર બનીને મનુને જોતો રહ્યો !

એક વખત મનુની વાડીના રસ્તે ચાલતાં-ચાલતાં જતા મુસાફરરો નીકળ્યા. મનુની વાડીમાં આરામ કરવા દાખલ થયા. તેમને કહે, "ચાલીને થાકી ગયા હશો નહીં ?" બધાં કહે, "હા, ભાઈ ખૂબ થાક લાગ્યો છે." તો મનુ કહે, "અહીં બેસીને નિરાંતે ખાવ, હું પણ ખવડાવીશ."

બધાંને એમ કે મનુ હમણાં ખાવાનું લાવશે. પણ મનુ તો થોડી વારે આવીને કહે, "બધાએ ખાધો ?" તો બધા કહે, "શું ભાઈ ? અમે તો કંઈ ખાધું નથી !" તો મનુ કહે, "કેમ, થાક ખાવ, થાક ! ધરાઈ રહેશો. આમ છતાં ભૂખ હોય તો આળસ ખાવ, વધુ કંટાળો આવે તો બગાસાં ખાવ ! ધરાઈને ખાવ !"

આટલું બોલીને મનુ તો નાસી ગયો. મુસાફરો તો જોતા જ રહી ગયા છોકરાને.

મનુની આવી ટેવ વિશે કનુ, જનું ને ચનુને ભારે ચીડ હતી. બધાંને આ રીતે ખવડાવતા મનુને માર ખાવાનો વારો ન આવે તો સારૂં, એમ વિચારતા હતા. એ સુધરવા શું કરવું ? જનુને એક યુકિત સુઝી. બધા સંમત થયા અને કર્યો અમલ !

એક દિવસ બધા મિત્રો એકઠા થયા. મનુને પણ કહેલું "આપણે કંઈક ખાવાનું છે !" મનુ ખાવાની લહાયમાં આવ્યો. એક રૂમમાં બધા બેઠા. ટેબલ ફેન ફરતો હતો. સામે જ મનુને બેસાડવામાં આવ્યો. એક પછી એક મિત્રો બહાર જતા રહ્યા. મનુ કહે, "કયાં જઈ રહ્યા છો ?" તો જનુ કહે, "ખાવાનું લેવા" એ જ વખતે યુકિત મુજબ ચનુએ મનુ બેઠો હતો તે દિશામાં છીંકણી ઉડાડી, પંખાની હવામાં સીધી ગઈ મનુના નાકમાં ! મનુ તો છીંક ખાવા લાગ્યો ! ત્યાં બધા મિત્રો દોડીને આવી ગયા. મનુને કહે "તું બધાને ખૂબ ખવડાવે છે ને ? તો તું પણ ખા !... છીંક ખા...છીંક !" ત્યાં વળી મનુ હાક છી...હા છી... કરીને છીંક ખાવા લાગ્યો. છીંક ખાઈને ધરાઈ રહ્યો !

# શાબાશ : અનુપમ પાયલો

કેરલ રાજયના એક નાનકડા ગામમાં ૧૨ વર્ષનો અનૂપ રહે. એને લેના મારિયા અને કેથેરાઈન બે બહેનો એમની અટક પાયલો.

ઘરની નિશાળ ઘણી દૂર, આથી ત્રણે ભાઈ-બહેન સાથે સાથે નિશાળે જાય ને સાંજે સાથે સાથે ઘરે પાછાં આવે.

લેના પાયલો દસ વરસની અને કેથેરાઈન પાયલો આઠ વરસની.

નિશાળે જતાં રસ્તામાં એક સરોવર આવેપ એની પાળ એકદમ સાકડી. ચાલનારને ખૂબ જ ધ્યાન રાખીને ચાલવું પડે.

૭ મી એપ્રિલ. શનિવારને ૨૦૧૦નો એ દિવસ હતો. અનૂપ પોતાની બે બહેનોને લઈ શાળાએથી પાછો આવતો હતો.

તેઓ હોડીમાં પથિતચીરા જેટી પર પહોંચ્યાં. તેઓ નવી બંધાયેલી પાળ ઉપર સંમયાતરે ચાલતાં હતાં. ત્યાં જેટી પર લેનાની એક બહેનપણી ઉભી હતી. તે લેનાને જોઈ ગઈ. એને લેનાને જોરથી બૂમ પાડી. પોતાના બહેનપણીને જેટી પર ઉભેલી જોઈ લેના રાજીના રેડ થઈ ઉતાવળે પોતાની બહેન પણીને જવાબ આપવા જતી હતી તે પછી ફરવા ગઈ. તેવી જ તે સરોવરના ૧૪૫ ફૂટ ઉંડા પાણીમાં લપસી પડી. જયાં આનંદનું હવામાન જામ્યું હતું ત્યાં ગમગીન હવામાન બની ગયું.

અનૂપે આજુબાજુ કોઈનેય જોયા નહીં. એણે જરા પણ



વિલંબ કર્યા વિના બુટ-મોજાં કાઢી સરોવરમાં ઝંપલાવ્યું. તેણે લેનાના વાળ અને ડ્રેસ પકડી જોરથી પોતાના તરફ ખેંચી. એક હો તેણે લેનાને પકડી. બીજા હાથે તરતો તરતો સમતોલન જાળવતો જાળવતો કિનારે પહોંચી ગયો. લેના તે ઘણું પાણી પી ગઈ હતી. બાર વરસના અનૂપે તેને ઊંધી સૂવાડી. પછી હળવે હાથે બરડા પર મસાજ કરવા લાગ્યો. આથેલેનાના પેટમાંથી પીધેલું પાણી બધુંય બહાર નીકળી ગયું. આ વખતે એની સૌથી નાની બહેન કેથેરાઈન પાયલોએ રડવાનું ચાલુ રાખ્યું ! એનો રડવાનો અવાજ સાંભળી રાહદારીએ ત્યાં ભેગા થયા. એમણે જરા પણ વિલંબ કર્યા વિના લેનાને હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં દાકતર અને નર્સ હાજર હતાં. સમયસર દકાતરી સારવાર મળવાની લેના પાયલો બચી ગઈ.

આમ અનૂપના બહાદુરી ભર્યા કામે લેના મારિયાની જીંદગી બચાવી.

બીજે દિવસે અનૂપના ફોટા સાથે આ કથા વર્તમાનપત્રોમાં પ્રગટ થઈ.


અનૂપને ઈન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલ્ફેર નવી દિલ્હી તરફથી બાલવીર પુરસ્કાર મળ્યો.- **પોપટ મંડલી**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



**દાફડા જાનવી**
ધો.૬ રૂપાયતન સ્કુલ - અમરેલી

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧) નામનો આશ્રય રાખે એને એક દિવસ જરૂર સાક્ષાત્કાર થાય છે.
૨) રસ્તે જાઓ ત્યારે પગલે પગલે ભગવાનનુ નામ લો. પદે, પદે યજ્ઞ પુણ્ય મળશે. કળિકાળમાં નામ નિષ્ઠા વગર બીજો કોઈ ઉપાય નથી.
૩) જપ કરવાની જન્મકુંડળીનાં ગ્રહો પણ બદલાય જાય છે.
૪) વિધિમાં બે નિયમ સાચવજો,બ્રહ્મચર્ય પાળવુ અને બીજો કોઈનું ખાવુ નહી. પાંચ જપ કરનારનારને જ્ઞાન મળે છે. તેર કરોડ જપ કરવાથી જીવ ઈશ્વરનુ મિલન થાય છે.
૫) અધિકાર ગુરૂ પાસેથી મંત્ર ગ્રહણ કરવાની મંત્રમાં દિવ્ય શકિત આવે છે.
૬) ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે. કનક અને કાંતા એ માયાનાં રૂપો છે. એ બે વસ્તુમાં મન ન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે, અને મનથી પાપ કરશો તો તેની પણ સજા થાય છે.
૭)વેશ્યાને જોવાથી અજામિલનુ મન બગડયુ. ફિલ્મ જોઈને મનને શુ થતુ હશે?
૮) પાપ પહેલુ આંખ વાટ આવે છે. આખં બગડે એનુ મન બગડયુ.
૯) વગર પ્રયોજક કોઈને આંખ આપવી નહી.
૧૦) ભોજનમાં, દ્રવ્યમાં, કામસુખમાં, સંતતિમાં અને પુસ્તકમાં આ જીવ ફસાય છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧) ભારતમાં કોના સમયમાં મુંબઈ, મદ્રાસ અને કોલકતામાં યુનિવર્સિટીમઓની સ્થાપના થઈ? -લોર્ડ કેનિંગ
૨) ભારતમાં બંગાળા પ્રાતમાં પહેલી વહેલી વસ્તીગણતરી કોને કરાવી હતી ?-લોર્ડ મેયો
૩) સમગ્ર ભારતમાં પહેલી વહેલી વસ્તીગણતરી કોને કરાવી હતી?-લોર્ડ રિપન-૧૮૮૧
૪) ભારતમાં 'સ્થાનિક સ્વરાજય પિતા' કોણ ગણાય છે?-લોર્ડ રિપન
૫) બ્રિટિશ ભારતના છેલ્લા ગવર્નર જનરલ કોણ હતા?-લોર્ડ માઉન્ટબેટન
૬) 'વેદ તરફ પાછા વળો' નું સુત્ર કોણે આપ્યુ ?-સ્વામી દયાનંદ સરસ્વતી
૭) બ્રહ્મલ સમાજના સ્થાપક કોણ હતા?-રાજા રામમોહનરાય
૮) સ્વામી વિવેકાનંદ કઈ સંસ્થાપના કરી?-રામકૃષ્ણ મિશન
૯) ભારતમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી?-કર્નલ આલ્કોટ અને મેડમ બ્લેવેટસ્કી
૧૦) અલીગઢ મુસ્લીમ શાળાના સ્થાપક કોણ હતા?-સર સૈયદ અહેમદ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## "ઈસ રૂટ કી સભી લાઈને વ્યસ્ત હૈ"

'પ્રતીક્ષા એટલે કોઈની રાહ જોવી- પ્રિયજનના આગમનપથ પર દ્રષ્ટિ પ્રદક્ષિા કરતી રહે, તેની આરંભની પળો આનંદદાયી હોય, પણ પ્રતીક્ષા લંબાતા ચિંતા ઉમેરાય, શંકાઓ ચૂંટાય અને વેદનામય બનેલી પ્રતીક્ષા ઝુરાપામાં પલટાય.

પ્રતીક્ષાનું પ્રરેક પ્રતિક હોય, તો તે શબરી, બાલ્યાવસ્થાથી વૃધ્ધાવસ્થા પર્યંત શ્રીરામાગમનની પરમ શ્રધ્ધાપૂર્વક રાહ જોઈ, રોજે રોજ ઉમંગપૂર્વક તૈયારી, જરાય નિરાશા-આશંકા નહીઃભકિતભાવપૂર્વક પ્રતીક્ષા. આપણી ભકિત પ્રતિક્ષાની આ સર્વોતમ કક્ષાએ પહોંચે કે તરત શ્રીરામના પગલા પડે, પરમાત્મા આપણા આત્માદ્વારે ટકોરા મારે!

# પ્રાયોગ - ૧
# બળની અસર - ૧

હેતુ : બળની વિવિધ અસરો તપસવી.
સાધન : પૂઠું, લખોટી
રીત :
- લખોટીને સપાટ ભોંયતળીયા (સપાટી) પર મુકી ધકકો મારો.
- હવે, પૂઠાં વડે લખોટીની ગતિની દિશામાં લખોટીને ધકકો મારો.




**પ્રયોગની પાંખે** વિજ્ઞાન નગરી પ્રકાશક: શ્રી બળવંત પારેખ

અવલોકન :
- લખોટીની ઝડપમાં વધારો થશે.
- ગતિ કરતી લખોટીના માર્ગમાં પૂઠું (અવરોધ) રાખવાથી - લખોટી પૂઠાં સાથે અથડાઈને સ્થિર થશે અથવા તેની ગતિની દિશા બદલશે.

તારણ :
- સ્થિર પદાર્થને આમ, બળ વડે ગતિમાં લાવી શકાય.
- પદાર્થની ગતિમાં વધારો કે ઘટાડો કરી શકાય.
- પદાર્થની ગતિ અટકાવી શકાય.
- પદાર્થની ગતિની દિશા બદલાવી શકાય.

ગુરૂત્વાકર્ષણ :

એક વખત ન્યૂટન નામનો યુવાન સફરજનના ઝાડ નીચે બેઠો હતો. ત્યારે એક સફરજન તેના માથા પર પડયું અને તેણે વિચાર્યુ કે સફરજન નીચેની તરફ જ કેમ પડયું ? અને ઉપર કેમ ન ગયું ? અને ઉપર કેમ ન ગયું ? આ ઘટનાને કારણે તેણે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ બળની શોધ કરી. જયારે કોઈપણ વસ્તુ હવામાં ઉપરની તરફ ફેકવામાં આવે છે, છેવટે તે નીચે જ પડે છે. તેના માટે પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ બળ કારણરૂપ છે.

# મારી પ્રાર્થનાનું મંદિર - સુરેશ દલાલ

(૧) પ્રભુ !


આ પ્રાર્થના તારે માટે છે. તું વાંચે છે કે સંભાળે છે કે નહિં એ જવાબદારી તારી. મારૂં કામ તો પ્રાર્થનાથી શરૂ થાય છે અને પ્રાર્થના પાસે પુરૂં થાય છે.

આ પ્રાર્થનાથી તને શું થાય છે એ તું જાણે.

મને તો પ્રાર્થનાથી બળ મળે છે. આશ્વાસન મળે છે, હિંમત મળે છે, મળે છે નર્ભિયતા. હું થરથરતો હોઉં તો પ્રાર્થનાના શબ્દો મને કામળો થઈને વીંટળાઈ વળે છે. મને હુંફ આપે છે - જગતમાં કોઈ ન આપે એવી. જગતો તે કયારનું સમજાવી દીધું છે કે હું તને કંઈ નહી આપું-છડેચોક લૂંટી લઈશ.પ્રાર્થના સમજાવે છે કે કોઈ ભલે લૂંટે-ઈશ્વરનું અક્ષયપાત્ર જ મહતવનું છે પ્રાર્થના મને સમજણ છે કોઈ ગ્રંથમાંથી કે કોઈ પંથમાંથી ન મળે એવી. સમજણનો શાંત-પ્રશાંત દીવો ઝીણું ઝીણું બળ્યા કરે છે અને એના અજવાળામાં હું જોયા કરૂં છું તારા ચહેરાની ઝલક...!(૨) ભગવાન !

ભાગ્યવાન છું એટલે રોજ આવું છું તારા દરબારમાં-મારાં ઘડબાર છોડીને. કોઈને તરછોડવાનું મારા સ્વભાવમાં નથી. હું તો ખુશનસીબ છું, પણ મારી સાથે બીજાં અનેકની કમનસીબીઓ છે. આ બધાંની કમનસીબીના લોઢાને લઈને આવું છું, હે પારસમણિ ! તું એમને સ્પર્શ કર અને તારા સ્પર્શના ચમત્કારથી એમની કમનસીબીનું સુવર્ણમાં રૂપાંતર કરી આપ.

કોઈકની પાસે ધન નથી, કોઈની પાસે ધાન નથી, કોઈકની ઊંઘ ઊડી ગઈ છે, કોઈક ભવિષ્યથી ભયભીત છે, કોઈક બેચેન છે, કોઈક તનથી તો કોઈક મનથી દુ:ખી છે. તું જેને જે કંઈ જોઈએ છે એને એના અધિકારનું આપ. આંખનાં આંસુઓને સૂકવી નાખ. હોઠ પર આછું હળવું સ્મિત આપ. જીવનથી થાકે એને જીવનનો




: સંપાદક :
**દેવેન્દ્ર એલ. ત્રિવેદી**
**(પુનિતપદરજ)**

આનંદ આપ, જેથી એ એનું આયુષ્ય અર્થપૂર્ણ રીતે ગુજારી શકે...!

**ભિખારણ - ડોંગરે મહારાજ**

એક ગૃહસ્થના મનમાં એક ભજનાનંદી સંતને જમાડવાની ભાવના જાગી. તેથી તે સંતની પાસે ગયો ને નમ્રતાપૂર્વક પોતાને ત્યાં ભોજન લેવા પધારવાની વિનંતી કરી.ત્યારે સંતે કહ્યું : 'ભાઈ જરાય ભૂખ નથી....મને કશાયનો ખપ નથી... જેને ભૂખ છે એને જ તું જમાડ.'છતા ગુસ્સેથી બહુ આગ્રહ કર્યો. એટલે સંતે એક ભિખારણ ભણી આંગણી ચીંધી કહ્યું : 'આ ભિખારણ બહુ ભૂખી છે. એને જમવું હોય તો પૂછી જો.'પેલો ગૃહસ્થ ભિખારણ પાસે ગયો ને જમવાનું નિમંત્રણ આપ્યું.


ભિખારણે કહ્યું : 'મને ખવડાવવા માટે મારી પાછળ ના પડીશ, કારણ હું ખાવા બેસું છું એટલે મારી ભૂખ શાંત થતી નથી...સતત ખાધા જ કરું છું એટલે મારુ ખાવાનું પૂરૂં ન થાય તો હું ખવડાવનારને પણ ખાઈ જાઉં છું. !છતાં પેલો ગૃહસ્થ તો આગ્રહ કરીને જમાડવા લઈ જ ગયો. એને એમ કે આવું તે વળી હોય !ભિખારણને ખવડાવવાનું તો શરૂ કર્યુ, પણ એ જબરી ખાઉધરી નીકળી !બનાવેલી તમામ રસોઈ ખતમ થઈ ગઈ, એટલું જ નહિ, ઘરની સઘળી ખાદ્ય સામગ્રી પણ પૂરી થઈ ગઈ... ને, છેવટે પેલી ભિખારણ એને જ ખાવા તલપી ત્યારે પેલા ગૃહસ્થને ભાગવું પડયું.આ ભિખારણ એટલે વાસના. વાસનાને ગમે એટલા ભોગ પીરસો છતાં એ કદીય તૃપ્ત થતી જ નથી. ભોગો જેમ જેમ ભોગવતા જાય તેમ તેમ વાસના વધતી જ જાય છે. અગ્નિમાં ઘીની આહૂતિ આપવાથી જેમ અગ્નિ શાંત થતો નથી તેમ ભોગો ભોગવ્યા જ કરવાથી વાસના કદી શાંત થતી નથી. વાસના વિવેક અને સંયમથી જ શાંત થાય. અગ્નિમાં લાકડાં નાંખો ત્યાં સુધી એ સળગે પણ લાકડાં ખૂટી જાય એટલે અગ્નિ આપમેળે શાંત થઈ જાય છે, તેમ વાસનાને ભોગો પીરસ્યા કરો ત્યાં સુધી એ ભભૂકયા કરે છે ને ભોગો આપવાના બંધ કરો એટલે આપોઆપ જ શમી જાય છે.

ભાગવતમાં માતા દેવહૂતિને ઉપદેશ દેતાં કપિલ મુનિએ આ વાસનાઅભિખારણનું વિકરાળ સ્વરૂપ સમજાવ્યું.

આપણે પણ એનાથી બચતા રહીએ.

# આતો અજબ-ગજબ છે ભાઈ!

અળસિયું.... તમારી જેવા નાના બાળમિત્રો તો તેને સાપનું બચ્ચું પણ માની બેસે છે. તે ખેડૂતનો મિત્ર છે. તેના કારણે ખેતીની જમીન ફળદ્રુપ બને છે. માનવાના શરીરમાં એક જ હદય હોય છે.



જયારે નાનકડા જીવમાં ચાર-ચાર હદય હોય છે.

પાંડા... આ એક પ્રકારનું રીંછ છે. તેની ડોક અને મોં સફેલ કલરના તથા શરીરનો બાકીનો ભાગ કળા કલરનો હોય છે. સફેલ મોં પર આંખની આજુબાજુનો ભાગ ગોળાકાર કાળો હોય છેજે તેને વિશિષ્ટ દેખાવ આપે છે. છ ફૂટની લંબાઈ અને ૨ થી ૩ ફૂટની ઊંચાઈ



ધરાવતા આ પ્રાણીનું વજન ૧૯૦ થી ૨૭૫ કિલો જેટલું હોય છે. વાંસની કૂમળી ડાળીઓ અને પાન પર નભતું આ પ્રાણી ફકત દક્ષિણ-પશ્ચિમના ચીનમાં જ જોવા મળે છે.

કાચબો...પાણીમાં અને જમીન પર બંને જગ્યાએ રહી શકતું આ પ્રાણી દરિયામાં તો ૯ હજાર કિલોમીટર દૂર જઈ ફરી પાછું મૂળ જગ્યાએ આવી શકે છે.

મગરમચ્છ... તેના વિશેના જોડકણાં અને વાર્તાઓ તો તમે ખૂબ વાંચી-સાંભળી હશે, પણ તેમને તેનાં વિશેની એક વાત કદાચ ખબર નહીં હોય. કઈ ? તેને પણ માનવીની જેમ ૩૨ દાંત હોય છે.

હાથી... હાથીને દરરોજ ૪૫ કિલોગ્રામ જેટલુ ભોજન તો જોઈએ જ ! અને પાણી તો એકસોને નેવું લિટર પીવા જોઈએ ! આવડા મોટા શરીર માટે આટલું તો જોઈએ જ ને !


# આ મારું ચિત્ર છે




**શિરોયા રિધ્ધી ધનશ્યાભાઈ**
(ધોરણ-૧૦, દીપક હાઈ.અમરેલી



**કિજંલ નરેશભાઈ વાઘેલા**
(ધોરણ - ૮ શ્રી પ્રાણીયા શાળા)




**વાઘેલા મનિષ વિપુલભાઈ**
(ધોરણ-૭, પાણીયા પ્રા.શાળા)



**દાફડા જાનવી જયંતીભાઈ**
(ધો.૬, રૂપાયતન સ્કુલ અમરેલી)

# અમરેલીની જ્ઞાનશકિત સ્કૂલમાં શાળા પ્રવેશોત્સવની દબદબાભેર ઉજવણી










અમરેલી, શ્રીમતી એસ.એચ. ગેજરા કેમ્પસમાં જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસીલન્સના વિદ્યાર્થીઓનું કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવશોત્સવ આયોજન કરવામાં આવ્યુ. સરકારની ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીઓનું હર્ષોલ્લાસ સાથે શાળામાં પ્રવેશ કરાવી સ્વાગત કરવામાં આવ્યુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા આઈએસ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન ગોલ, સાસના અધિકારી આશીષભાઈ મહેતા, સીઆરસી અશ્વિનભાઈ ચાવડા અને રજીનીભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થામાંથી મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટ વસંતભાઈ પેથાણી, જ્ઞાનશકિત સ્કૂલ તેમજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રિન્સિપાલ અને સુપરવાઈઝર હાજર રહ્યા હતા. મહેમાનઓનું શાળા બેન્ડ ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. શાળાના બાળકોને દ્વારા કુમકુમ તિલકકરી મહેમાનોને આવકારવામાં આવ્યા હતા. માન. પંડયા દ્વારા અમરેલીનું ગૌરવસમાન આ સંસ્થામાં જ્ઞાનશકિત યોજના અંતર્ગત પસંદગી પામેલ વિદ્યાર્થીઓનુ અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે, જીવનમાં ધ્યેય નિર્ધારીત કરી ઉજજવળ કારકીર્દી બનાવવા અત્યારથી જ અભ્યાસમાં– રમત ગમતમાં કે કોઈ પણ કાર્યમાં ગંભીરતા પૂર્વક કાળજી લેવી જોઈએ તેમજ તુષારભાઈ જોષી દ્વારા અમરેલીમાં વસંતભાઈ ગજેરા દ્વારા સંસ્થામાં મળતી સુવીધાઓ થકી વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય ઘડતર અંગેની વાત કરતા જણાવ્યુ હતુ કે, આ સંસ્થામાં સ્પોર્ટસ, સાહિત્ય, સાંસ્કૃતિક તેમજ અત્યાધુનિક ટેકનોલોજી સાથેનો અભ્યાસ આપવામાં આવી રહ્યો છે. તે ખરેખર વિદ્યાર્થીઓ માટે આશિર્વાદ સમાન છે. સાસના અધિકાર આશિષભાઈ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવની શુભકામના પાઠવવામાં આવેલ. જ્ઞાનશકિત સ્કૂલનાં પરીક્ષા રેન્કર તેમજ અન્ય સ્પર્ધાઓના રેન્કરનું સન્માન કરવામાં આવ્યુ. સંસ્થા વતી કેમ્પસ ડાયરેકટરએ મહેમાનોના સ્વાગત સાથે સંસ્થાનો પરિચય આપતા જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને સુષુપ્ત શકિતઓને પુરતુ પ્લેટફોર્મ મળે તે માટે તમામ રમતગમત તેમજ અન્ય એકટીવીટીઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં માર્ગદર્શનથી અમરેલીમાં બાળકોમાં ખૂબ જ સારુ પ્લેફોર્મ મળી રહે છે. જે થકી આજે અમરેલી શહેરનું રાજય કક્ષાને અને રાષ્ટ્રીયકક્ષાએ નામ ગુંજતુ થયુ છે. તેમજ તમામ વિદ્યાર્થીઓનુ કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ–૨૦૨૪ની સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી, ચતુરભાઈ ખુંટ અને ટ્રસ્ટઓ વતી સ્ટાફ–સ્ટુડન્ટસને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## વરસાદી આફતને ભરી પીવા

ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. અમરેલી શહેરમાં ધીમીધારે વરસાદ પડતા રોડ રસ્તાઓ વરસાદી પાણીથી તરબોળ થયા હતા.

બાબરાના ગ્રામ્ય વિસ્તારોમાં જામ બરવાળા, દરેડ, ખાખરીયા, કોટડા, લાઠીના શેખપીપરીયા સહિતના વિસ્તારમાં વરસાદ પડયો હતો. સતત વરસતા વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ખાંભા ગીરના ગામડાઓમાં પણ ધોધમાર વરસાદ પડયો હતો જેમાં ખાંભા તાલુકાના નાનુડી, ભાડ, વાંકિયા, નાના વિસાવદર સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડતા ખાંભા ગીર પંથકમાં આગોતરૂં વાવેતર કરનાર મગફળી અને કપાસના પાકને જીવનદાન મળતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

જાફરાબાદ શહેર સહિતના ગ્રામીણ વિસ્તારોમાં પણ આજે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જાફરાબાદ શહેર ઉપરાંતના વઢેરા, કડીયાળી, ધોળાદ્રી, દુધાળા, નાગેશ્રી ગામોમાં પણ વરસાદ પડયો હતો. આ ઉપરાંત જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. વરસાદના કારણે જાફરાબાદની મુખ્ય બજારમાં વરસાદી પાણી ભરાયા હતા. જયારે કોસ્ટલ બેલ્ટમાં વરસાદ વરસતા કપાસ, બાજરા, બાજરીના પાકને ફાયદો થશે તેમ ખેડૂતો જણાવી રહયા છે.

રાજુલામાં પંથકમાં આજે બે દિવસના વિરામ બાદ ફરી એક વખત વરસાદ શરૂ થયો હતો. રાજુલા તાલુકાના ડુંગર, માંડળ, મોરંગી, કુંભારીયા, દેવકા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડયો હતો. ડુંગર ગામે ધોધમાર વરસાદ વરસતા વરસાદી પાણી રોડ પર વહેતા થયા હતા અને અસહ્ય ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

લાઠીથી લીલીયા રોડ વચ્ચે વરસાદી માહોલ સર્જાતા લાઠીના અકાળ ા અને લુવારીયા રોડ પર વરસાદ પડયો હતો જયારે લીલીયા શહેરમાં પણ ધીમીધારે વરસાદ વરસતા અને સારા વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જયારે લીલીયાના ભોરીંગડા ગામે ધોધમાર ૩ ઈંચ વરસાદ પડયો હોવાનું સ્થાનિકો જણાવી રહયા છે. ભોરીંગડા ગામની શેરીઓમાં ૧–૧ ફૂટ વરસાદી પાણી ભરાયા હતા અને ગામની સ્થાનિક નદી, નાળા વહેતા થયાં હતા.

અમરેલી ફલડ કંટ્રોલરૂમ ખાતે આજે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૧૦ મી.મી., બાબરામાં ૧૩ મી.મી., લાઠીમાં ૫ મી.મી., લીલીયામાં ૨૬ મી.મી., સાવરકુંડલામાં ૭ મી.મી., ખાંભામાં ૧૧ મી.મી., જાફરાબાદમાં ૭ મી.મી., રાજુલામાં ૧૭ મી.મી. તથા ધારીમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૨૦૨ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૬ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૧ | ૧૮૦૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૧૨૦ | ૧૫૮૮ |
| ૫ | તલ સફેદ | ૨૦૯૦ | ૨૬૦૯ |
| ૬ | તલ કાળા | ૨૬૯૫ | ૩૧૪૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૧૦ | ૩૧૫૬ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૬૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૬ | ૫૭૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૮ |
| ૧૨ | મગ | ૧૩૪૫ | ૧૫૬૭ |
| ૧૩ | ચણા | ૯૧૦ | ૧૩૧૧ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૧૫ | તુવેર | ૯૩૦ | ૧૭૩૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૫૨૨ |
| ૧૭ | એરંડા | ૯૬૬ | ૧૦૬૦ |
| ૧૮ | જીરૂ | ૫૦૦૦ | ૫૩૧૫ |
| ૧૯ | ધાણા | ૧૦૫૦ | ૧૩૩૫ |
| ૨૦ | સોયાબીન | ૭૭૦ | ૮૫૮ |
| ૨૧ | રજકાનું બી | ૪૬૩૦ | ૪૮૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયામોટા ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને

પ્રશ્ન હલ કરવાની ખાતરી મળતા બપોર બાદ વેપારીઓએ ધંધા રોજગાર શરૂ કર્યા હતા.

આ તકે પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે જણાવ્યું હતું કે, પાછલા આઠેક વર્ષથી લીલીયા ગામ ગુજરાત બહારનું હોય તેવું લાગી રહ્યું છે અને ભૂગર્ભ ગટર એટલે ભારતીય જનતા પાર્ટીનો સૌથી મોટો ભ્રષ્ટાચાર. શહેરને ભૂગર્ભ ગટર સોંપ્યા બાદ મંત્રીઓ, ખુમ્યમંત્રીઓ બદલાય ગયા છતાં આજદિન સુધી કશું પરિણામ મળ્યું નથી. તેમછતાં ગ્રામજનો આંદોલન ચલાવે તેમાં મારો ટેકો છે. ભાજપ શહેરનો ગટર પ્રશ્ન હલ કરશે તો તેમના વધામણા કરીશ.

ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે, લીલીયા ભૂગર્ભ ગટરનો પ્રરૂન મારા માટે કલંક છે. શહેરનો ગટર પ્રશ્ન હું સોલન કરી શકું ત્યાં સુધી હું સફળ ધારાસભ્ય ન કહેવાવ તે અગાઉ પણ મેં કહ્યું છે. રાજય સરકારે આ પ્રશ્ને રૂા. ૧૦૬૫ લાખ ફાળવ્યા છે ત્રણ પ્રયાસ ટેન્ડરનાં થયા છે પીએમસી એજન્સીને બદલવી પડી છે. કારણ કે શહેરમાં નિમ્ન કક્ષાની કામગીરી કરવામાં આવી છે. તમામ કામગીરી સરકારનાં નીતિ–નિયમ વિરૂધ્ધ થયેલ છે. યોજના અમલીકરણ માટે વાર લાગશે પણ હવે કામગીરી નિયમ પ્રમાણે થશે. સારી કામગીરી કરવા શહેરની કમીટી બનાવવામાં આવશે. ભૂગર્ભ ગટર સ્વચ્છતા માટે મશીન મંજૂર થયેલ છે તેજું ચાર દિવસ પહેલા ટેન્ડર ખુલ્લી ગયું છે. મશીનની ડીલેવરી ૩૦ દિવસમાં મળી જશે વર્ક ઓર્ડર મળતા ભૂગર્ભ ગટરની તમામ કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરીન સોનીએ જણાવ્યું હતું કે, ભૂગર્ભ ગટરની કૂંડીઓમાંથી ઉભરાતા ગંદા પાણીના કારણે વેપારીઓ નવારધુપ થઈ ગયા છે. મોટાભાગનાં ગ્રાહકો આસપાસનાં શહેરોમાં ખરીદી કરવા જતાં રહે છે. ભૂગર્ભ ગટર પ્રશ્ને નિરાકરણ નહી આવે ત્યાં સુધી આંદોલન ચાલું રહેશે.

આ આંદોલનમાં વેપારી અગ્રણી રસિકભાઈ વંદ્રા, ઘનશ્યામભાઈ બારૈયા, જયેશભાઈ ઉનડકટ, નિલેશભાઈ શેખલીયા, ભાવેશભાઈ નાગ્રેચા, દિલીપભાઈ શેખલીયા સહિતનાં અગ્રણી, આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૧૨૬૫ | ૧૨૬૫ |
| ૩ | જુવાર સફેદ | ૮૭૬ | ૯૦૧ |
| ૪ | સોયાબીન | ૮૧૨ | ૮૧૨ |
| ૫ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૩ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૬૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | — |
| ૬ | જીરૂ | ૪૫૦૦ | ૫૭૦૦ |
| ૭ | કપાસ | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૦ |
| ૧૦ | બાજરો | ૩૭૦ | ૪૭૧ |
| ૧૧ | જુવાર | ૫૫૧ | ૮૦૮ |
| ૧૨ | મકાઈ | ૫૩૧ | — |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૧૨ |
| ૧૪ | અડદ | ૧૮૯૨ | — |
| ૧૫ | ચણા | ૧૧૫૦ | ૧૩૨૦ |
| ૧૬ | રાય/રાયડો | ૯૭૯ | ૧૦૦૧ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | સોયાબીન | ૮૦૬ | ૮૭૦ |

## અમરેલીનાં પીપળલગ ગામે મેલેરિયાનાશક કામગીરી કરાઈ

અમરેલી, તા.૨૮

અમરેલીના પીપળલગ ગામ ખાતે વાહકજન્ય રોગો જેવા કે, મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનીયા જેવા રોગોનો ફેલાવો ન થાય તેમજ ગામ રોગમુકત રહે તે માટે જૂન માસ અંતર્ગત જીલ્લા મેલેરિયા અધિકારી ડો.સિંગ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિન્હા તેમજ મોટા આંકડીયાના મેડીકલ ઓફિસર ડો. કિર્તિ મેડમની સુચના અનુસાર પીપળલગ ગામનાં ૧૬૮ જેટલા ઘરોની ખૂલ્લી પાણીની ટાંકીઓમાં તથા ગામના અવેડામાં ગપ્પી માછલીઓ મૂકવામાં આવેલ. ઉપરાંત આ કામગીરી સફળ બનાવવા ગામના સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ તથા મુસ્તાકભાઈ એચ. જુણેજા, એ.બી.ચુડાસમા, લિલાબેન બી. ભાસ્કર, ગીતાબેન એ. ભાસ્કર તેમજ એમ. જે. લીંબાણી દ્વારા ઉપરોકત કામગીરી કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી સિટી પોલીસે

ટ્રકમાં ભેંસ–૯ દોરડાથી ક્રુરતાપુર્વક ભરી પશુઓ માટે કોઈ ઘાસચારો કે પાણીની વ્યવસ્થા ન કરી પશુ પ્રત્યે ઘાતકીપણું દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી મળી આવતા અમરેલીના ખત્રીવાડ વિસ્તારમાં આવેલ ઓસ્વાલ–૫ા વિસ્તારમાં રહેતા અલ્ફેજભાઈ મહેબુબભાઈ કાલવા નામનાં ઈસમને કુલ ભેંસ જીવ નંગ ૯ (નવ) કિંમત રૂપિયા ૨,૨૫,૦૦૦ તેમજ ટ્રક નં. જી.જે.–૧૩ એએકસ ૨૫૦૨ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭,૨૫,૦૦૦ ઝડપી લઈ આરોપી વિરૂધ્ધ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ–૯૬૦ મુજબ આગળની કાર્યવાહી હાથધરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૮ | ૧૫૪૨ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૪૫ |
| ૩ | ચણા | ૧૧૬૪ | ૧૩૦૬ |
| ૪ | જીરૂ | ૪૬૯૫ | ૫૬૦૫ |
| ૫ | ઘઉ | ૪૫૫ | ૫૮૫ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૦ | ૨૫૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૪ |
| ૨ | ચણા | ૧૦૬૫ | ૧૨૪૨ |
| ૩ | તુવેર | ૧૫૦૦ | ૧૬૩૫ |
| ૪ | ઘઉ લોકવન | ૩૮૦ | ૫૩૧ |
| ૫ | ઘઉ ટૂકડા | ૫૨૨ | ૫૩૨ |
| ૬ | શીંગદાણા | ૧૫૧૫ | ૧૫૯૫ |
| ૭ | તલ સફેદ | ૨૧૬૦ | ૨૫૦૦ |
| ૮ | સીંગ ફાડા | ૧૩૫૦ | ૧૪૪૫ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |
| ૧૦ | મગ | ૧૪૭૦ | ૧૫૬૫ |
| ૧૧ | જુવાર | ૪૩૫ | ૮૧૦ |
| ૧૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૪૦ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૧૦૦૫ |
| ૧૪ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૫ | તલ કાળા | ૨૭૩૦ | ૨૯૦૦ |
| ૧૬ | ધાણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ૧૭ | એરંડી | ૯૧૫ | ૧૦૭૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરાનાં થોરખાણ ગામે

છતાંય કંપનીએ કોઈ પણ પ્રત્યુતર આપેલ નથી અને મનસ્વી વલણ અપનાવી મોબાઈલ ટાવરનું કામ ચાલુ રાખતા મોબાઈલ ટાવર ઈન્સ્ટોલેશનની સ્થાનિક ગ્રામ પંચાયતની સંમતિ મેળવેલ ન હોય. જેથી આજ રોજ સ્થળ પર સરપંચ તથા તલાટી મંત્રી તથા ગ્રામજનો, સર્કલશ્રી ઓફિસર તાલુકા પંચાયત કચેરી દ્વારા બંદોબસ્ત સાથે મોબાઈલ ટાવર જગ્યા સિલલ કરી આગળની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયામોટા ભૂગર્ભ ગટરનું

દાખેવેલ હતી. આ ગટરનાં કાયમી પ્રશ્ના ઉકેલ માટે ૧૦ કરોડના ખર્ચે નવિનીકરણ કરવા માટે ટૂંક સમયમાં કાયંવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યુ હતુ. તેમજ આ ગટરના કાયમી સમારકામ માટે ૪૫ લાખના ખર્ચે જેટીંગ મશીનની લીલીયા ગામને ટૂંક સમયમાં સરકાર તરફથી ભેટ આપવાની કામગીરી કટીબધ્ધ થયાની મહેશ કસવાલાએ ખાત્રી આપેલ છે. ઉપરાંત ગટરનાં કામમાં મોનીટરીંગ અને કવોલીટી કામના સુપરવિઝન માટે વેપારીઓનો પણ સાથ સહકાર આપવાનો અનુરોધ કરવામાં આવેલ છે. લીલીયા શહેરના ગટરના પ્રશ્ને વેપારીઓએ બંધનુ એલાન આપવામાં આવેલ જેના અનુસંધાને ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા સર્કીટ હાઉસ ખાતે વેપારીઓની મિટીંગ બોલવવામાં આવેલ. તેમજ લીલીયાની નાવલી સ્થળે રૂબરૂ જઈ વેપારી તથા ગ્રામજનો સાથે સંવાદ કરી બંધ એલાનનો સુખઃદઅંત લાવી બપોર બાદ વેપાર ધંધા શરૂ કરવામાં આવેલ છે. આ તકે ધારાસભ્ય દ્વારા કરવાની થતી કામગીરી બાબતે વેપારીઓ તથા ગ્રામજનોને વાકેફ કરવામાં આવ્યા હતા. અને આ કામગીરી વેપારી મંડળએ વધાવી બંધના એલાનનો સુખઃદ અંત લાવવામાં આવેલ છે. તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ તેમની અખબાર યાદીમાં જણાવ્યુ હતુ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૨ | ઘઉ | ૪૯૦ | ૫૧૦ |
| ૩ | મગ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૪ | ધાણા | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૫ | શીંગફાડ | ૧૪૪૧ | ૧૪૪૧ |
| ૬ | શીંગ દાણા | ૧૫૨૫ | ૧૭૦૦ |
| ૭ | મકાઈ | ૪૫૨ | ૪૫૨ |
| ૮ | બાજરો | ૩૭૮ | ૩૭૮ |
| ૯ | તલ સફેદ | ૨૪૨૧ | ૨૪૨૧ |
| ૧૦ | એરંડા | ૮૯૯ | ૧૦૫૯ |
| ૧૧ | સોયાબીન | ૮૨૮ | ૮૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૧૦ | ૨૬૦૦ |
| ૨ | કપાસ | ૧૧૨૦ | ૧૫૦૧ |
| ૩ | બાજરો | ૪૧૦ | ૪૮૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| ૫ | જુવાર | ૪૦૦ | ૮૯૩ |
| ૬ | મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| ૭ | મગ | ૧૫૪૧ | ૧૫૪૧ |
| ૮ | ચણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૯ | જીરૂ | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૧૦ | એરંડી | ૮૭૦ | ૮૭૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૭૦૬ |
| ૧૨ | ચોળી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૪૨ | ૮૪૨ |




## ૧૨–૧૨ વર્ષથી ભૂગર્ભ ગટરની સમસ્યા કોઈ ઉકેલી શકતું નથી

# લીલીયામોટા ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને સજજડ બંધ

**સમસ્ત ગામજનોમાં રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતા સામે રોષની આંધી**

**ભૂગર્ભ ગટર બનાવવામાં અધિકારીઓ, એજન્સીઓ અને પદાધિકારીઓએ નિયમોનો કરેલ ઉલાળીયો**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં નાણાથી થતાં વિકાસ કાર્યોમાં ભ્રષ્ટાચાર થતાં જનતા જ પરેશાન**

**અંતે સક્રીય ધારાસભ્ય મહેશ કસવાલાએ દરમિયાનગીરી કરતાં ગામજનોનો રોષ શાંત થયો**



લીલીયા, તા. ૨૮

લીલીયા શહેરમાં કરોડો રૂપિયાનાં ખર્ચે ભૂગર્ભ ગટરની નબળી કામગીરી કરવામાં આવેલ જેને લઈ પાછલા બાર–બાર વર્ષથી શહેરીજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શહેરની મેઈ બજાર સહિતનાં વિસ્તારોમાં ભૂગર્ભ ગટરનાં ગંદા પાણી માર્ગો પર વરસાદી પાણીનાં વહેણ જેમ વહી રહ્યા છે તે પ્રશ્ને અનેકવાર મૌખિક–લેખિત રજૂઆત કરેલ છતાં કશું જ પરિણામ ન મળતા આજે ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ પરીનભાઈ સોનીએ શહેર બંધનું એલાન આપેલ. તેના પરિણામ સ્વરૂપે વ્હેલી સવારથી મેઈન બજાર, નાવલી બજાર સહિતનાં વિસ્તારનાં વેપારીઓ પોતાના વેપાર–રોજગાર બંધ પાળી ઢોલ–નગારા સાથે મામલતદાર કચેરીએ પહોંચી વેપારીઓએ રોષભેર આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વેપારીઓ જોડાયા હતા.

સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ભૂગર્ભ ગટર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ધારાસભ્યનો મહેશ કસવાલાનો વેપારીઓ સાથે સંવાદ

## લીલીયામોટા : ભૂગર્ભ ગટરનું રૂપિયા ૧૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ કરાશે

**વર્ષો જૂની સમસ્યાનો અંત આવી જશે**



અમરેલી, તા. ૨૮

અમરેલીનાં મોટા લીલીયા શહેરમાં ૧૦–૧૨ વર્ષ જૂના ગટરનાં પ્રશ્નો બાબતે ગત લોકસભાની ચૂંટણીમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગટરનો પ્રશ્ન અમારા માટે કલંકરૂપ હોય તે પ્રશ્નો ઉકેલવા તત્પરતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વગર મંજૂરીએ ટાવર શરૂ કરાતા કાર્યવાહી

## બાબરાનાં થોરખાણ ગામે મોબાઈલ ટાવરને ગ્રામ પંચાયતનાં શાસકોએ સિલ માર્યુ

**બંદોબસ્ત સાથે ટાવરને સિલ કરી દેવાયો**

બાબરા, તા. ૨૮

બાબરા તાલુકામાં થોરખાણ ગામે પંચાયતની મંજુરી વગર ખાનગી માલિકીની જગ્યામાં ઊભા થતા મોબાઈલ ટાવરની કામગરી ગ્રામ પંચાયત દ્વારા રોકી જગ્યામાં સિલ મારવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ બાબરા તાલુકાના થોરખાણ ગામે બીન પરવાનગીથી રહેણાક વિસ્તારમાં ઈન્દુસ



ટાવર્સ લી. કંપનીએ કોઈ પણ પ્રકારની સ્થાનિક ગ્રામ પંચાયતની મંજૂરી વગર દામજીભાઈ વશરામભાઈ ધડુક વિ. ની કબજા માં રહેલ રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઈન્સ્ટોલેશનની કામગીરી શરૂ કરેલ હતી. જેથી ગ્રામજનો દ્વારા પંચાયતમાં રજૂઆત અન્વયે ગ્રામ પંચાયત દ્વારા મોબાઈલ ટાવર ઈન્સ્ટોલેશન માટેની મેળવેલ સક્ષમ અધિકારીનું મંજૂરી અત્રે પંચાયતમાં રજુ કરવા માંગેલ અને જરૂરી આધાર પુરાવાઓ રજૂ કરવા જણાવેલ. તેમ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં

## લીલીયાનાં માર્કેયાડનાં ચેરમેન પદે હનુભાભા ધોરાજીયાની વરણી

**વાઈસ ચેરમેન પદે કેતન ઢાંકેચાની વરણી**

અમરેલી, તા. ૨૮

ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ (ભાભા માર્કેટ યાર્ડ) લીલીયામોટાનાં ચેરમેન તથા વાઈસ ચેરમેનની ચુંટણી તા. ૨૭/૬/૨૦૨૪ ને ગુઢવારના રોજ બપોરના ૩:૦૦ વાગ્યે ચુંટણી અધિકારી અને જિલ્લા રજી. તેમજ નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અમરેલીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં ચેરમેન તરીકે (હનુભાભા ધોરાજીયા) રે. હાથીગઢ તથા વાઈસ ચેરમેન તરીકે કેતનકુમાર ધીરજલાલ ઢાકેચા રે. ઢાંગલાની બિનહરીફ વરણી કરવામાં આવેલ છે. જેમાં રાષ્ટ્રીય સહકારી નેતા દિલીપભાઈ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ યાર્ડનાં તમામ ડિરેકટરઓની સર્વસંમતિથી બિનહરીફ વરણી કરવામાં આવેલ હતી.

### ૬૦માં વર્ષે ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરવાનાં લક્ષ્યાંક સાથે

## ભૈ વાહ : બાબરાનાં ચમારડી ખાતેથી પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા રોપાનું વિતરણ શરૂ કરાયું

**અગાઉ ૫૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર અને જતન કરાયું**



અમરેલી, તા. ૨૮

બાબરાનાં ચમારડી ગામનાં વતની અને પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં ૬૦માં જન્મદિનની ઉજવણીમાં ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરવાનાં લક્ષ્યાંક સાથે તેમના ચમારડી ખાતેનાં "રાધે ફાર્મ" ખાતેથી વિનામૂલ્યે રોપાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા અગાઉ ૫૦ હજાર વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરી ચુકયા છે અને હવે તેઓ વધુ ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરવા અને કરાવવા માટે મહેનત કરી રહ્યા છે.

જે કોઈ વ્યકિતને વૃક્ષોનું વાવેતર અને જતન કરવું હોય તેઓને "રાધે ફાર્મ" ખાતે વિવિધ પ્રકારનાં વૃક્ષોનાં રોપા વિનામૂલ્યે મળશે. તે માટે મો. નં. ૯૮૨૫૨ ૩૨૨૨૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ બંધ થતું નથી

## જાફરાબાદની ભાડા ચોકડીએ કારમાં લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૨૮

જાફરાબાદ ગામે રહેતા દિશાંગભાઈ મહેન્દ્રસિંહ પલવર નામના આરોપીએ પોતાના હવાલાવાળી ફોરવ્હિલ ગાડી નં. જી.જે.–૩૨ બી–૫૫૩૩ માં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મી.લી.ની રીંગપેક બોટલ નંગ–૨૫ કિંમત રૂપિયા ૮૨૫૦ તથા કાર કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૩,૦૮,૨૫૦ના મુદ્દામાલ ટીંબી ગામે ભાડા ચોકડી પાસે સાથે દારૂની હેરાફેરી કરી મળી આવી તથા સદરહુ દારૂની બોટલો સદરહુ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ઉના તાલુકાના ગાંગડા ગામે રહેતા મંજુબેન નામની મહિલા આરોપી પાસેથી મેળવેલ હોય બંને આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)